# અધ્યાત્મ

વર્ષ : ૬ જુન : ૧૯૮૫ અંક : ૯



## પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

ખ્યાતનામ તીર્થ મોટાં. અંબાજી ખાતે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ઇચ્છા પ્રમાણેનું પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ બંધાઇ રહ્યું છે. ભકતો અને સાધકો તરફથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને આ માટેનાં દાનો મળતાં રહે છે. છેલ્લે મળેલ દાનોની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.
૧૧૪૧-૦૦ શ્રી શુભલક્ષ્મી C/o. હસમુખલાલ એમ. ઝવેરી.
૫૦૦-૦૦ ,, મધુસૂદન હરગોવિંદભાઇ ભટ્ટ, મુંબઈ.
૨૫૧-૦૦ ,, સુમનલાલ મૂળજીભાઇ શાહ, સુરત.
૨૨૦-૫૦ મહિલા મંડળ. પનામા.
૧૩૭-૭૫ શ્રીમતી ગુલાબબેન વસંતભાઇ ભક્ત, પનામા.
૧૩૭-૭૫ ,, રંજનબેન પ્રવીણભાઈ ભકત, પનામા.
૧૨૨-૭૫ ,, વાસંતીબેન રણછોડભાઈ ભકત, પનામા.
૧૦૧-૦૦ ,, હરિગંગાબેન મગનલાલ જાની, વડોદરા.
૧૦૧-૦૦ ,, લલિતાબેન મધુસૂદન ભકત, કપુરા.
૧૦૧-૦૦ ,, સવિતાબેન મગનલાલ ભકત, ભૂલેશ્વર.
૬૪-૨૫ ,, ઈંદુબેન સુરેશભાઈ ભકત, પનામા.
૬૪-૨૫ ,, ઉર્મિલાબેન ભગાભાઇ ભક્ત, પનામા.
૬૧-૨૫ ,, શાંતાબેન મગનભાઈ પટેલ, પનામા.
૫૧-૦૦ શ્રી મોહનભાઈ વ્યાસ, મુંબઈ.
૧૦-૦૦ ,, રેવાબેન પરમાર, રાજકોટ.

### * અભિનંદન *

પનામાનાં શ્રીમતી વાસંતીબેન રણછોડભાઈ ભકત તરફથી ભારતના બે આજીવન સભ્યો માટેના પૈસા મળ્યા છે. તેમાં ગુજરાતી સેવા સમાજ પુસ્તકાલય, મુ. પો. આદીપુર (કચ્છ), તેમજ શ્રી નગરપંચાયત પુસ્તકાલય, મુ. પો. તળાજા (જિ. ભાવનગર)ને નોંધવામાં આવેલ. શ્રી વાસંતીબેનને અભિનંદન.

# અધ્યાત્મ


સર્વમંગલ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૯ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુર્વેરજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| નામ સ્મરણ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| વિશ્વવિક્રમ તોડતા પૂજ્ય મા સર્વેશ્વરીના ઉપવાસો | -મા સર્વેશ્વરી પદરેણુ | ૫ |
| પૂ. મા સાથે અવિસ્મરણીય યાત્રા | કુ. મંજુલા સુખલાલ પુજારા | ૧૦ |
| "સાચો એક જ જગદીશ" | જગદીશચંદ્ર એસ. આચાર્ય | ૧૭ |
| સ્વામી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ | નારાયણ હ. જાની | ૧૮ |
| જ્ઞાનગંજ યાત્રા | સ્વામી શ્રી વિશુદ્ધાનંદ | ૨૬ |
| પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની સાધનાનું આંતર ઝરણું | હિમાંશુ પાઠક | ૩૩ |
| સ્વજનની નજરે પૂ. મા | -અતુલ કોન્ટ્રાક્ટર | ૩૬ |
| અફસોસ | ડૉ. રણજિત પટેલ | ૩૮ |
| ન મે ભક્તઃ પ્રણશ્યતિ | દારા જ. ભેંસાણીઆ | ૩૯ |
| શાશ્વત-પ્રસાદ | ધૂની માંડલિયા | ૪૪ |
| અનુનય | મા સર્વેશ્વરી | ૪૮ |
| પ્રકૃતિ | શ્રી ઈશ્વરભાઇ શાહ | ૪૯ |
| ભક્તિ | શ્રી પ્રશાંત દવે | ૫૩ |
| સાધક જીવન કેવું હોવું જોઇએ? | બાબુભાઈ વોરા | ૫૮ |
| કેમ માનું? | શ્રી યોગેશ્વરજી | ૬૪ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૬ જુન-૧૯૮૫ અંક : ૯


## નામસ્મરણ

કલિયુગ કૂડો અને રંગે રૂડો છે. એમાં દોષો, દૂષણો, આકર્ષણો, પ્રલોભનો, પીડાઓ, પરિતાપો, ભયસ્થાનોનો પાર નથી.

એમાં જીવન અલ્પ, અતિશય અલ્પ અને એ પણ વાયુવેગે વહી જનારું છે. પ્રાણીના પ્રમત્ત પ્રમાથિ પ્રવાહની પેઠે-પ્રબળવેગે પ્રવાહિત થનારું.

એનો અધિકાંશ શૈશવાવસ્થાની ક્રીડામાં. યુવાવસ્થાના મોહમાં, વૃદ્ધાવસ્થાની દીનહીન અસહાય અવસ્થામાં વિપત્તિ-વ્યાધિ-વેદનામાં વીતી જાય છે.

એટલે જેને જીવન, જાગૃતિપૂર્વકનું, સમજ સાથેનું જીવન કહીએ એવું જીવન અતિશય અલ્પ-સ્વલ્પ છે.

એવા જીવનમાં આત્મકલ્યાણનું કયું સાધન કરી શકાય? ભગવાનના નામસ્મરણનું સાધન સરળ, સીધું, સારવાહી અસંત અસરકારક, આશીર્વાદરૂપ અને અમોઘ છે. સર્વ સાધનોના સારરૂપ છે. શાસ્ત્રો જણાવે છે કે સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞયાગથી, દ્વાપરમાં સેવા અને આરાધનાથી ઈશ્વરપ્રાપ્તિ થઇ

શકતી ને જીવનનું પરમસાર્થકય સધાતું. પરંતુ કલિયુગમાં તો ભગવાનના નામસ્મરણ કે નામસંકીર્તનથી એ હેતુની સિદ્ધિ થાય છે. કલિયુગમાં કેવળ નામનો જ આધાર છે. બીજી કોઈ જ ગતિ નથી. શક્તિ કે સાધના સામગ્રી નથી. કલિયુગજેવો સ્વલ્પસાધને મહાન ફળ આપનારો. ઓછી મૂડીએ મોટો નફો કરાવનારો બીજો કલ્યાણકારક યુગ નથી. એ દરમ્યાન ભગવાનના નામનો ગુણાનુવાદ કરવાથી સંસારને અનાયાસે પાર કરી શકાય છે.

નામના સ્મરણની સાથે ઈશ્વરના શરણની સદ્ભાવના સંકળાયેલી છે. એમાં પરમેશ્વરની પતિતપાવની પ્રીતનો પારાવાર પડેલો છે. શ્રદ્ધાભક્તિની સુંદર શાંતિમયી સુધાપ્રદાયિની સરવાણ સરવાણી સમાયેલી છે. સ્મરણની સાથે એકાગ્રતા આવે છે. આનંદ અનુભવાય છે. પરમાત્માની પરાત્પર ચેતના સાથે સંબંધ બંધાય છે, અનુસંધાન સધાય છે.

નામસ્મરણ એકાગ્રતાસહિત કરાય કે એકાગ્રતા સિવાય કરવામાં આવે, સમજીને થાય કે સમજ્યા વિના થાય, રસપૂર્વક કરવામાં આવે કે રસ વિના, ભાવે કે કભાવે કરાય તો પણ નિરર્થક નથી થતું, નિષ્ફળ નથી જતું, શ્રેયસ્કર ઠરે છે. સ્મરણ કરતાં કરતાં કાળાંતરે રસ જાગે છે, જ્ઞાન પ્રગટે છે, ભાવજન્મે છે, એકાગ્રતા અનુભવાય છે, પ્રેમ પ્રબળ બને છે, અને એવા અન્ય અનેક લાભ થાય છે.

માટે બીજા સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડચા વિના નામસ્મરણ કરતા રહેવું.

યોગેશ્વર



વિશ્વવિક્રમ તોડતા

# પૂ. મા સર્વેશ્વરીના ઉપવાસો

—મા સર્વેશ્વરી પદરેણુ

એક ઉત્સાહી યુવાન સાધકભાઈએ દુનિયાના વિવિધ ક્ષેત્રે જે વિક્રમો (Records) નોંધાયા હોય, તે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડઝ ૧૯૮૪. (Ginnes Book of World Records 1984) માંથી ઉપવાસો વિષે વિગતો નોંધીને અત્રે જણાવી છે. પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના આજે જે રીતે ઉપવાસો ચાલી રહ્યા છે, તેના સંદર્ભમાં તે ભાઈએ આ વિગતો મોકલાવી છે.

ગીનીસની બુકમાં લાંબામાં લાંબા ઉપવાસો ૩૮૨ દિવસના નોંધાયા છે. તે ભાઈનું નામ છે શ્રીએંગસ બારબેઈરી Angus Barbieri) તેઓ સ્કોટલેન્ડના ટેયપાર્ટના વતની હતા. તેઓએ પોતાના આ ઉપવાસ મેરી ફિલ્ડ હોસ્પીટલ, ડંડી (Dundee)માં જૂન ૧૯૬૫ થી જુલાઈ ૧૯૬૬ સુધી કરેલા.

ઉપવાસો દરમ્યાન તેઓ કોઈ પ્રકારનો ઘન ખોરાક લેતા નહિ. પ્રવાહી ખોરાકમાં ચા, કોફી, પાણી, સોડાવોટર અને વિટામીનોનો જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરતા. ઉપવાસોના પરિણામે તેઓનું વજન ૨૧૪.૧ કિલોગ્રામમાંથી ઘટીને ૮૭.૪ કિલોગ્રામ થઈ ગયું હતું.

સ્કોટલેન્ડના ભાઈશ્રી બારબેઈરીએ પોતાના આ ઉપવાસો કદાચ વજન ઘટાડવા કે બીજા કોઈ ભૌતિક દૃષ્ટિકોણથી કર્યા હશે. જોકે એનો કોઈ ઉલ્લેખ લખાણમાં નથી. આમ છતાં એમનું જે વજન ૨૧૪ કીલો જેટલું તેજ સૂચવે છે કે તેઓનું શરીર કેટલું બધું સ્થૂળ કે જાડું હશે ! ઉપવાસોને

અન્તે તેમાં ૨૦૦ ટકાનો ઘટાડો નોંધાયો, છતાં આપણાં શરીરોની સરખામણીમાં તો તે ૮૭ કીલોનું વજન પણ પુખ્ત વયના તંદુરસ્ત માણસ જેટલુંજ લાગે.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું શારીરિક વજન તો પહેલેથીજ ૫૦ કીલોથી ઓછું હતું. તે આટલા ઉપવાસોને અંતે કેટલું રહ્યું હશે, તેની વાંચકોજ કલ્પના કરી લે; કારણ પૂ. મા ઉપવાસો દરમ્યાન પોતાનું વજન કરાવતાં નથી.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ઉપવાસોને તા. ૩-૬-૮૫ ના રોજ ૪૪૧ દિવસ પૂરા થાય છે. પૂ. માના આ ઉપવાસો સ્થૂલ ભૌતિક દૃષ્ટિએ વિચારતાં વિશ્વવિક્રમ સમાન છે. વળી તે ગીનીસની બુકમાં નોંધાયેલ વિશ્વવિક્રમ કરતાં, અનેક રીતે જુદા પડે છે; કારણ એમનો હેતુ કોઇ ભૌતિક લક્ષની સિદ્ધિ-નો નથી. ઉપરાંત તેઓ જે મર્યાદિત પ્રમાણમાં પાણી, દૂધ કે છાશ લે છે, તેવું શ્રી બારબીયરી લેતા નહિ હોય એ દેખીતું છે. તેઓ વિટામીન્સો જરૂરિયાત પ્રમાણે લેતા, એ દર્શાવે છે કે શારીરિક શક્તિ ટકાવવા માટે, તેઓ દાક્તરી સલાહ સૂચનોનો અમલ કરતા હશે. વળી હોસ્પીટલમાંજ હોવાથી, તેઓની પ્રવૃત્તિ, ખાસ કરી શારીરિક તો બિલકુલ નહિ હોય. પથારીવશતા હશે. તેમજ માનસિક પ્રવૃત્તિ પણ કદાચ નહિવત્ કરતા હશે. જે હોય તે. આપણે એ બધું જાણતા નથી.

પરંતુ પૂ. માશ્રી સર્વેશ્વરી વિષે આપણે બધુંજ જાણીએ છીએ. તેઓના ઉપવાસોનો હેતુ પ્રભુદર્શન-કે સાક્ષાત્કાર જેવા મંગલકારી ધ્યેયની પૂર્તિ માટે છે. એટલે પ્રભુજ એમને શક્તિ પૂરી પાડે છે. તેઓમાં પથારીવશતા તો બીલકુલ છેજ નહિ. ઉલ્ટુ સાધનાને પોષક આધ્યાત્મિક પ્રવૃત્તિ અને પ્રવાસો, તેઓ કરતાં રહે છે. વળી પૂ. શ્રીના ભક્તો અને



એમના ચાહકોના આત્મિક કલ્યાણની મંગલકારી સાધનાના પથે દોરવાની ઘણી બધી શક્તિ માગી લેતી પ્રવૃત્તિઓ પણ, નાની મોટી શિબિરો યોજી, તેઓ કરતાં રહે છે; રોજ રોજ સત્સંગના કાર્યક્રમો યોજે છે, પારાયણો કરે છે ને ઉપાસના-ના કલ્યાણકારી કાર્યક્રમો પ્રયોજે જાય છે.

આ બધું જોતાં લાગેજ કે પૂ. માના ઉપવાસો અતિ કઠોર-તમ સાધનાના વિશ્વવિક્રમ સમા છે. એટલુંજ નહિ, પરંતુ જૈનધર્મ જેવા ઉપવાસોને આત્મિક સાધનામાં પ્રાધાન્ય આપ-નાર ધર્મમાં પણ આવા કઠોર ઉપવાસોનો આટલો મોટો આંક જણાતો નથી. જૈન ધર્મનો ઉલ્લેખ અહીં એટલા પૂરતો કર્યો છે કે એમના ઉપવાસોનો હેતુ આત્મિક સાધનાનો હોય છે, જે પૂ. માના ઉપવાસો સાથે સામ્ય ધરાવે છે, બાકી આમાં કોઈ સરખામણી કે ચઢિયાતાપણું દર્શાવવાનો ભાવ નથી.

ઉપવાસોને પરિણામે પૂ. માનું શરીર દુબળું થયું છે, પરંતુ એમની શક્તિ તો અનેકગણી વધેલી જણાય છે. આટલા લાંબા ઉપવાસોમાં માનું સ્વાસ્થ્ય એક દિવસ પણ બગડ્યું નથી, કે દાક્તરી સહાય એમને લેવી પડી નથી, એ અજબ જેવી વાત છે. સામાન્ય માણસો કદાચ તે ન સ્વીકારી શકે, ન માની શકે એવી વાત છે.

ઉપવાસોમાં પૂ. માનું સાધનભજન એવુંજ ચાલે છે. કલાકો સુધી તેઓ જપ, પ્રાર્થના ને ધ્યાનમાં વ્યસ્ત રહે છે. તેઓને રાત્રે પણ લાંબા થઈને સુવાની આવશ્યકતા રહેતી નથી. બીજી રીતે કહીએ તો તેઓ નિદ્રાજીત થઇ ગયાં છે, જે અદ્‌ભુત લાગે છે. થાક એમને લાગતો નથી.

પૂ. માની શક્તિ અને સ્ફુર્તિનું તો કહેવુંજ શું ? તેઓ એકધારાં કલાકો સુધી એકાસને બેસી શકે છે, એટલું નહિ, પણ એકદમ ઝડપથી ચાલી શકે છે. બે ત્રણ કિલોમીટર ચાલવું

તેમને માટે આટલા ઉપવાસોમાં પણ સહજ છે.

માનવ શરીરના–ભૌતિક દેહને ઘણી બધી મર્યાદાઓ છે. ભૂખ, તરસ, થાક ને નિદ્રા. પૂ. મા આ બધી મર્યાદાઓથી ઉપર ઊઠી ગયાં છે. પ્રભુની કોઈ અલૌકિક શક્તિનો તેઓમાં સંચાર જણાય છે. પ્રભુની કોઈ મહામંગલકારી શક્તિ પૃથ્વીપટ ઉપર અવતરણ કરીને, માનવોને આત્મિક ઉત્થાનના માર્ગે આગળ દોરવા જાણે પૂ. માના દેહમાં આવિર્ભાવ પામી હોય, એવું પ્રત્યક્ષ જોતાં લાગે છે.

આટલા ઉપવાસોમાં પણ પૂ. મા એવાંજ વિનોદી, રમુજી છતાં સદા આત્મનિષ્ઠ કે ગુરુનિષ્ઠ લાગે છે. એમની હરેક ક્રિયા–ભાવ ને ભક્તિપૂર્ણ કોઈ પૂજા બની રહે છે, જે પોતાના કે બીજાના મંગલ માટેજ હોય છે.

પૂ. માને માનવદૃષ્ટિએ આપણે શું સમજી શકવાના ! એને માટેય પૂ. ગુરુદેવ કે પરમ શક્તિને પ્રાર્થવું જોઈએ કે दिव्यं ददामि ते चक्षुः । પ્રભુ, આપની દિવ્યદૃષ્ટિ અમને આપો કે જેથી અમે એમના મહિમાને સમજી શકીએ, એમને શ્રદ્ધાભક્તિપૂર્વક વંદી શકીએ. અનેકાનેક વંદન હો પૂ. માનાં એ મંગલકારી મુક્તિપ્રદાયક શ્રીચરણોમાં.

—×—

## સુધારો

મે ૧૯૮૫ના અંકમાં પાના નં. ૪૦ ઉપર કીર્તિબેન ભોજાણી મોરબી તરફથી રૂ. ૫૧ લખાયેલ, તેને બદલે શ્રી એમ. એફ. ભોજાણી તરફથી વાંચવું.

એપ્રિલ, ૮૫ના અંકમાં પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામ-ગૃહની મદદમાં શ્રીમતી કુન્દનબેન રાણા, વડોદરા તરફથી રૂ. ૨૦૧ લખાયેલ છે, તેને બદલે રૂ. ૫૦૧ વાંચવું.



## સહાયક પેટ્રન થયા

સુરતના ઉત્સાહી સાધક અને પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. મા સર્વેશ્વરીના ભક્ત શ્રી ઉત્તમભાઈ નગીનભાઈ દૂધવાળા, આજીવન સભ્યમાંથી રૂ. ૨૫૦ વધુ ભરીને સહાયક પેટ્રન થયા છે. અધ્યાત્મને આ રીતે મદદરૂપ થવાની એમની ઉત્તમ ભાવના બદલ અભિનંદન.

## પરદેશના નવા આજીવન સભ્ય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની કૃપાથી પરદેશમાં વસવા છતાં આધ્યાત્મિક અભિરૂચિવાળા ભાઈબહેનો અધ્યાત્મ માસિકના પ્રેમભાવથી આજીવન સભ્ય થતા રહે છે. નવા નોંધાયેલ ભાઈનું નામ નીચે પ્રમાણે છે.

૮૩ શ્રી રણછોડભાઈ કાલીદાસ ભક્ત; પનામા. રૂા. ૧૫૦૧

તેમને અધ્યાત્મ પરિવાર તરફથી અભિનંદન.

## ક્ષમા કરે

જૂન, ''૮૫ના અધ્યાત્મના અંકના પ્રકાશન માટે કાગળોની મુશ્કેલી હતી. તેમાં પ્રભુકૃપાથી અણધારી સહાય મળતાં અંક પ્રસિદ્ધ કરી શકયા છીએ, તે પૂ. ગુરુદેવ અને પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાનું પરિણામ લખીએ છીએ. અંક પાંચ દિવસ મોડો પ્રસિદ્ધ કરવા બદલ, ગ્રાહકો ક્ષમા કરે.

# પૂ. મા સાથે અવિસ્મરણીય યાત્રા

કુ. મંજુલા સુખલાલ પુજારા

પ્રાતઃસ્મરણીય, સ્વનામધન્ય, સંત શિરોમણિ પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના પાર્થિવ અસ્થિ વિસર્જનની યાત્રામાં મારા પૂ. પિતાશ્રી મે '૮૪ માં પૂ. માની સાથે જોડાએલ હતા. તે જ વખતે મારી તે યાત્રામાં જવાની તીવ્ર ઇચ્છા હતી, જેનો પૂ. માને સારી રીતે ખ્યાલ હોવાથી પૂ. માએ સામેથી જ તા. ૬/૪/૮૫ ના રોજ જ્યારે અમે અંબાજી ગયા ત્યારે પોતાના રૂમમાં બોલાવીને પૂછ્યું, " બેચાર દિવસબાદ અમો ગંગાયાત્રા માટે જઈએ છીએ. તારે આવવાની ઇચ્છા હોય તો તૈયાર થઇ જા. મારા પૂ. પિતાજીની અનુમતિ મેળવીને હું તારીખ ૧૦/૪/૮૫ ના રોજ મોરબીથી વડોદરા પહોંચી ગઈ. પૂ. માએ પોતાના સ્વભાવ પ્રમાણે ખૂબજ પ્રેમભાવથી પૂછ્યું કે અંબાજીથી મોરબી સુખરૂપ પહોંચી ગયેલને? વળી મોરબીથી અહીં વડોદરા સુધી આવવામાં કોઇ તકલીફ પડી નથીને? વગેરે બધાજ ખબર અંતર મમતાભરી માની માફક જ મને પૂછી લીધા. આવી સંભાળ તો જન્મદાત્રી મા પણ ન જ લે.

ત્યારબાદ વડોદરાથી યાત્રાએ નીકળવાની તારીખ નક્કી નહિ હોવાથી પૂ. માએ મને બોલાવીને 'કાયાવરોહણ'ની મીનીયાત્રા કરી આવવા કહ્યું અને સાથે કૈલાસબેનની બેબી ગાયત્રી બેનને મોકલેલ. કાયાવરોહણનું મંદિર ખૂબજ ભવ્ય, શાંતિપ્રદાયક અને અલૌકિક છે ત્યાં શિવ મંદિર છે. અંબાજીની મહાકાલિની વિ. મૂર્તિઓ તેમજ સ્મૃતિખંડ સુંદર છે. બધેજ દર્શન–વંદન સત્સંગ કરીને સાંજે ઘેર પાછા ફરતાંજ પૂ.



મા એ ફરી પૂછેલ કે કશી તકલીફ પડી નથીને? આમ પૂ. મા આપણું સહુનું ખૂબજ ધ્યાન રાખે અને 'જેલમાં હો તેવું લાગતું નથી ને?' એમ કહીને હળવી રમુજ પણ કરી લે અને આપણો શ્રમ હરી લે. ટુંકમાં પૂ. શ્રી કહે છે તેમ "શાંતિ આપે તે સંત"ની પંક્તિ પૂ. મા બરાબર ચરિતાર્થ કરી આપે છે.

## પ્રાર્થના સંભળાય છે

તા. ૧૩/૪/૮૫ને શનિવારે પ્રભુસ્મરણ કરતાં ઉઠી ત્યારે બ્રાહ્મમુહૂર્તમાં સહજ વિચાર આવેલ કે પૂ. માએ મને અહિં બોલાવી છે પણ તેમનાં દર્શન તો ફક્ત બપોરબાદ જ થાય છે. તો સવારે પણ દર્શન થાય તો કેવું સારૂં? આથી જપ કરવા બેઠી ત્યારે મેં પૂ. માને મનોમન મારી કાલીઘેલી વાણીમાં પ્રાર્થના કરી. ત્યાં તો માની કૃપા તો જુઓ. કલ્પુબેને ઉપરથી આવીને મને કહ્યું કે પૂ. મા તમને બોલાવે છે. આથી હું તો ખૂબજ હર્ષાન્વિત બની ગઈ. પૂ. માએ મારી પ્રાર્થના સાંભળી. મને પાસે બેસાડી પૂછ્યું કે શાના જપ કરો છો. અને રંગ અવધૂત મહારાજના પુસ્તકમાંથી ગુરુલીલામૃત વાંચ્યું. પૂ. મોટાનું પુસ્તક પૂ. માએ મને વાંચવા આપ્યું. પૂ. માએ પોતાના જપ કર્યા. આમ દોઢેક કલાક સુધી પૂ. માનું દિવ્ય સાન્નિધ્ય ફક્ત નાની શી પ્રાર્થના દ્વારા મને મળ્યું.

ત્યારબાદ પૂ. માની આજ્ઞાથી હું શનિવારે સાંજે વિદ્યા-નગર ગઇ ત્યાં મહાલતાબેનની બેબી પ્રીતિબેન મને લેવા આવેલ. તેની જોડે અમો અગાસ, કરમસદ, લાંભવેલ જેવા સ્થળોના પવિત્ર સ્થળોની નાનીશી યાત્રા કરી. જેવી રીતે વડોદરામાં જીતુકાકા, કુંદનમાસી વિ. નો અનહદ પ્રેમભાવ બધાજ ભક્તો પ્રત્યે હોય છે, તેવીજ રીતે અહીં વિદ્યાનગર-

માં આ કોન્ટ્રાકટર પરિવારનો પ્રેમભાવ પણ અસીમ છે. પૂ. શ્રીના ભક્તો માટે તે પરિવારને ખૂબજ માન છે.

તા. ૧૬-૪-૮૫ને મંગળવારે અમો વિદ્યાનગરથી વડોદરા પાછા આવ્યા-વળી પાછું પૂ. માનું દિવ્ય સાન્નિધ્ય સાંપડયું. આજે મુ. જીતુકાકાના પિતાનું શરીર શાંત થયાને પૂરો એક માસ થયેલ હોવાથી જાહેર રામધૂન રાખેલ હતી. સાંજના ૬-૩૦ સુધી પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં સરસ કાર્યક્રમ થયો. ધૂન પૂર્ણ થયે શ્રી જશભાઈ તેમજ શ્રી વિજયભાઇ રાણાએ તાજેતરમાં કપુરામાં થયેલ રામપારાયણની તથા તે નંદનવન સમી ભૂમિની અને ત્યાંના ભક્તોના પ્રેમભાવની અભૂતપૂર્વ વાતો કહી. સહુ સાધકભાઈ બહેનો પૂ. માને પ્રણામ કરી વિદાય થયા. હું, પૂ. મા, મુ. શ્રી જીતુકાકા તથા મુ. કુંદનમાસી એમ ચારેય વ્યક્તિઓ તેજ રાત્રે નવ વાગ્યે રાજધાની એક્સપ્રેસમાં દિલ્હી જવા રવાના થયાં. મુ. શ્રી જીતુકાકાના પૂ. પિતાજીના પાર્થિવ અસ્થિનું ગંગામાં વિસર્જન કરવા માટે અમે સહુ જઇ રહ્યા હતા, પ્રસ્થાન પૂર્વેજ પૂ. શ્રી યોગેશ્વરજીએ પૂ. માને સ્પષ્ટ આદેશ આપી દીધેલ હતો કે ૧૬મી તારીખે નીકળશો તો વાંધો નહિ આવે. આથી પૂ.માએ તે દિવસ પસંદ કરેલ.

પૂ. માના દિવ્ય સાન્નિધ્યનો લાભ મને પ્રભુકૃપાથી ઘણા વર્ષોથી મળે છે પણ તેમની જોડેજ મંગલ યાત્રા કરવાનો પ્રથમજ પ્રસંગ હતો. તેથી મારો ઉત્સાહ અનેરો હતો. અને આ ઉત્સાહના આવેગમાં મોરબી પણ પત્ર લખવાનું હું ચૂકી ગયેલ હતી. પૂ. માએ ટ્રેનમાં અમારી સાથે થોડો સત્સંગ કર્યો. પછી પૂ. માએ પોતાના જપ શરૂ કરી દીધા. અમે તો મા પ્રભુને યાદ કરીને નિદ્રાધીન થયાં.

તા. ૧૭-૪-૮૫ને બુધવારે પ્રભુને યાદ કરતા ઉંઘ



ઉડી અને સવારે દિલ્હી પહોંચી ગયાં. ત્યાંથી ટેક્સી કરીને અમો હરદ્વાર બપોરે ૩-૩૦ વાગે પહોંચ્યાં. આ તકે એક વાત યાદ આવી કે પૂ. મા. પ્રભુ સાથે ઉત્તરભારત યાત્રા, દક્ષિણભારત યાત્રા તેમજ નારાયણ સરોવર, દક્ષિણેશ્વર વગેરે બધી યાત્રાઓમાં મોટરમાં વારાફરતી પૂ. શ્રી તથા પૂ. મા સાથે બેસવાનું અને દિવ્ય સાન્નિધ્યનું સુખ મળે. જ્યારે અહિં મારે તો ફક્ત ચારજ યાત્રિકો હોવાથી પૂ.માનું સતત સાન્નિધ્ય બધા જ યાત્રિકોને રહેતું હતું. આ પણ પૂ. માની મોટી કૃપાજ છે ને?

હરદ્વારમાં ગીતા હોટલમાં મુકામ કર્યો, થોડો આરામ કર્યો અને સાંજે ૫-૩૦ વાગે ગંગાઘાટ ગયાં. ગંગામૈયાનું એ પાવનકારી અને દિવ્યદર્શન મારા માટે જીવનમાં પ્રથમવારનુંજ હતું અને તે પણ પૂ.માના દિવ્ય સાન્નિધ્યમાં મારી જાતને બડભાગી માની પૂ.માને તથા ગંગામૈયાને પ્રણામ કર્યા, ગંગાના ઘાટ પર બેઠાં, ગીતાના પંદરમા અધ્યાયનો પાઠ કર્યો. પૂ.માએ સ્વહસ્તે રચેલી ગંગામાતાની આરતી ગાઈ બાદમાં અમે સહુએ ગંગા સ્નાન કર્યું. પૂ. માએ તો ગઈકાલે ઘેરથી નીકળ્યા ત્યારથી પાણી પણ લીધું ન હતું. આજે ગંગાસ્નાન બાદ એક પ્યાલી ગંગાજળનું પાન કર્યું છતાં અમારી સાથે ચાલીને બજારમાં ફર્યાં અને આટલી લાંબી યાત્રા પણ કરી. સંધ્યા સમયની ગંગામૈયાની આરતિના દર્શન કર્યાં. એ વખતની દિવ્યતાનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. પૂ.માના દિવ્ય સાન્નિધ્યમાં આ અલૌકિક દર્શન એ તો વાણીનો નહિ પણ અનુભવનોજ વિષય છે. ગુરૂબાવનીનો પાઠ, સત્સંગ વિ. પૂર્ણ કરી ઉતારા પર આવ્યાં અને પૂ. માને વંદન કરીને સહુ રૂમ પર જઇને સૂઇ ગયાં.

તા. ૧૮/૪/૮૫ ને ગુરૂવારનો પવિત્ર દિન ૧૮ મી તારીખ

એટલે પૂ. શ્રીની પુણ્ય-તિથિ. પ્રભુસ્મરણ કરતાં ઉઠી જવાયું, સવારે ૭ વાગે પૂ. માની સાથે ગંગા ઘાટ ગયાં. વિષ્ણુસહસ્ત્ર-નામનો પાઠ કર્યો-ગીતાના પંદરમા અધ્યાયનો પાઠ કર્યો અને ગુરૂબાવની તથા ગુરૂદેવની આરતી ગાયા બાદ પૂ. દાદાના પાર્થિલ અસ્થિનું મંત્રોચ્ચાર વડે પૂ. માએ પૂજન કર્યું અને પવિત્ર ગંગામાં એ અસ્થિનું વિર્સજન કરીને અમે સહુ મનસાદેવીના દર્શન કરવા ગયાં, દર્શનેથી પાછા ફરતાં અમે ભોજન માટે ગયા તો પૂ. માએ આજથી તેમના તપમાં વધારો કરવાની વાત કરતાં કહ્યું કે આજથી એક માસ સુધી ફકત પાણી ઉપર ઉપવાસ કરવાના છે અને તેપણ ગંગાજળ ઉપરજ. અને ગંગાજળ જો ખલાસ થઈ જાય તો નિર્જળા, હજુ આગલે માસે પાણી પરના ઉપવાસ તો હમણાંજ પૂર્ણ થયા ત્યાં આ વળી બીજી વખત કઠોર તપ પૂ. માએ શરૂ કર્યું. આવા કિઠન ઉપવાસ છતાં પૂ. મા પોતાનું કામ જાતેજ કરતાં, કોઇની પણ સેવા ન જ લેતાં.

આમ હરિદ્વારની યાત્રા પૂર્ણ કરીને બપોરે ૧૨ વાગે ઋષિકેશ જવા નીકળ્યાં, રસ્તામાં પાવનધામ, ભારતમાતા, ગાયત્રીમાતા, રાઘવેન્દ્રમંદિર જેવાં પવિત્ર સ્થાનોનાં પૂ. માએ અમને સહુને દર્શન કરાવ્યાં. લગભગ ત્રણેક વાગે ઋષિકેશ પહોંચીને અમે હોટેલમાં મુકામ કર્યો. સાંજે ગંગા કિનારે ગયાં. ત્યાં પૂ. માનીજ રચેલી ગંગામૈયાની આરતી દીવડા સાથે અમે સહુએ ઉતારી. ત્યારબાદ ગુરૂબાવની, આરતી વિ. પાઠ કર્યા આજે પૂ. શ્રીની પુણ્યતિથિ હોવાથી ઘાટ પરના સાધુ સંતોને પૂ. માએ મીઠો પ્રસાદ પીરસ્યો. રાત્રે ઉતારા પર આવીને સત્સંગ બાદ સહુ પ્રભુસ્મરણ કરતા નિદ્રાધીન થયાં, પાણી પરના ઉપવાસ છતાં પૂ. મા હાલમાં ખૂબજ પરિશ્રમ લે છે સાન્નિધ્ય ઘણુંજ અર્પે છે અને ચાલે



છે પણ ઘણુંજ વળી માનસિક રીતે પણ કાર્યશીલ રહેજ છે. નાનીનાની ઘણીજ બાબતોમાં આપણું ખૂબજ ધ્યાન રાખે છે.

તા.૧૯/૪/૮૫ શુક્રવારે વહેલી સવારે મા-પ્રભુનું સ્મરણ કરતાં શય્યા ત્યાગ કર્યો. નિત્યકર્મ બાદ વહેલી સવારે પાંચ વાગે અમે દેવપ્રયાગ જવા માટે નીકળ્યાં-રસ્તે ટેકસીમાં વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કર્યો. પવિત્ર એવા ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને અમે સહુ ટેકરી ઉપર આવેલ પૂ. શ્રી યોગેશ્વરજી-ની 'કુટિયા'નાં દર્શન કરવા ગયાં. આ એજ કુટિયા છે કે જ્યાં પૂ. શ્રીએ વર્ષો સુધી કઠિન તપ કરેલ હતું. એ પવિત્ર પરમાણુયુક્ત, દિવ્ય ભૂમિનાં દર્શન, વંદન કરીને અમે કૃત-કૃત્ય બન્યાં-તે દિવ્યભૂમિ પર બેસીને અમે સહુએ પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં થોડું 'ધ્યાન' ધર્યું. ગુરુબાવની, અને દુર્ગા-સપ્તશતીનો ૧૧મો અધ્યાય તથા ગુરુદેવની આરતી વગેરે કર્યાં. પછી અમે ટેકરી નીચે ઉતરીને દેવપ્રયાગમાં પ્રવેશ્યાં. રસ્તે બધા સાધુસંતોને પૂ. માએ ભેટ આપી. ઋષિકેશ આવીને સાંજે સત્સંગ થયો. ઋષિકેશમાં પૂ. શ્રીના અનન્ય ભક્ત શ્રી આત્મારામભાઇ રહે છે-વળી દેહરાદૂનના પૂ. શ્રીના ભક્ત શ્રી લલિતાપ્રસાદજી આ બંને ભાઇઓ પોતાના પરિવાર સાથે પૂ. માના દર્શને આવેલ. તેમનો ભકિતભાવ અનન્ય છે. તેમની હાજરીમાં સાંજે અઢી કલાક સત્સંગ થયો. સાઉથ આફ્રિકામાં હિન્દી ભાષામાં પૂ. શ્રીએ ભક્તિયોગ પર પ્રવચન આપેલ તેની કેસેટ પૂ. મા ખાસ લાવેલ તે સંભળાવી. હિન્દીભાષામાં પૂ. માએ તેમની સાથે સત્સંગ કર્યો-બ્રહ્માનંદનાં ભજનો ગાયાં, તેમની પુત્રી ઉર્મિલાબેને પણ એક સુંદર હિન્દી ભજન ગાયું. આ રીતે પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં અને ઋષિકેશ તેમજ દહેરાદુનના એ પવિત્ર પરિવારની હાજરીમાં ખૂબજ સારો સત્સંગ રહ્યો.

તે દિવસે બપોરે અમો ભરતમંદિરની ધર્મશાળા તથા દેવકીબાઈની ધર્મશાળા કે જે પૂ. શ્રી સાથે સંકળાયેલી છે તે બંને પવિત્ર સ્થાનોનાં દર્શન કર્યાં. વળી તે સ્થાનોમાં પૂ. શ્રી ગુરુદેવના ભરતમંદિર-ઋષિકેશના કઠોર ઉપવાસનાં સાક્ષી એવાં શ્રી પરમાત્મદેવીનાં પણ અમે દર્શન કર્યા. તેમની સાથે સારો સત્સંગ થયો.

રાત્રે દશ વાગ્યે પૂ. માએ ફરીથી અમારી સાથે સત્સંગ કર્યો અને દર્શન-વંદન કરીને અમો સહુ મા-પ્રભુને પ્રાર્થીને નિદ્રાધીન થયાં.

તા. ૨૦-૪-૮૫ શનિવારે વહેલી સવારે પ્રભુસ્મરણ કરતાં ઉઠી જવાયું. નિત્યકર્મ બાદ દિલ્હી આવવા નીકળ્યાં. દિલ્હી પહોંચીને ટ્રેનની ટીકીટની તપાસ કરતાં ટીકીટો ન મળી. આથી અમો દિલ્હીથી વિમાનમાં નીકળ્યાં. મારી આ વિમાન-ની પ્રથમજ સફર હોવાથી પૂ. માએ આખે રસ્તે મને વિમાન વિષે નાની નાની બાબતોની બધીજ ખૂબ પ્રેમપૂર્વક સમજ આપી.

આ રીતે પૂ. શ્રીની કૃપાથી તેમની જ આજ્ઞાથી પૂ. મા-ના દિવ્ય સાન્નિધ્યમાં મારી ગંગાયાત્રા પૂર્ણ કરીને વડોદરા પહોંચ્યા બાદ ત્યાં બે દિવસ આરામ કરીને હું સુખરૂપ મોરબી પરત આવી પહોંચી.

પૂ. માનો પ્રેમ સારે રસ્તે મને ભાવવિભોર બનાવી મૂકતો. પૂ. મા તે ખરેખર મા જ છે. આવી ચીવટ, આટલી સારી કાળજી અને પ્રત્યેકની સ્પષ્ટ ઉંડી દેખભાળ જન્મદાત્રી મા પણ નજ લે એમ કહું તો અતિશયોક્તિ નથી. આમ પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં આ દિવ્ય અને મંગલમયી યાત્રા નિર્વિઘ્ને પરિપૂર્ણ થઇ. જય શ્રી ગુરુદેવ, જય મા સર્વેશ્વરી-હરિઃ ૐ



## " સાચો એક જ જગદીશ "

જરા મનમાં વિચારજો, દિલમાં ઉતારજો;
સાચો એક જ જગદીશ છે !

હાંરે વ્હાલો ભક્તવત્સલ ભયહારી,
હાંરે સ્હાય કરતો યોગેશ્વર મુરારી;
ગતિ અકળ છે એની, બલિહારી તેની;
સાચો એક જ જગદીશ છે !

હાંરે દીનબન્ધુ છે દુઃખ હરનારો,
હાંરે કૃપાસિન્ધુ કૃપા કરનારો.
દીનજનનો રખવાળ છે, નટવર-ગોપાળ છે;
સાચો એક જ જગદીશ છે !

હાંરે ભાવ દેખે ત્યાં ભૂધરો દોડે,
હાંરે ખાય ખીચડીને પકવાન છોડે;
શક્તિ એની અપાર છે, જીવન-આધાર છે;
સાચો એક જ જગદીશ છે !

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)

# સ્વામી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ

નારાયણ હ. જાની

મનુષ્યના જીવનમાં પરિવર્તન કયા પ્રકારે અને કયા નિમિત્તથી આવે છે એ કહેવું ઘણીવાર કઠિનજ નહીં, પરંતુ અસંભવ જેવું માલુમ પડે છે. કેટલીકવાર એવું પણ બને કે ઉપર ઉપરથી દેખાતી મંગલકારી વસ્તુ, પરિણામે ભારે ભયાવહ સાબિત થાય, જ્યારે પ્રારંભમાં ભયાવહ જણાતી વસ્તુનું પરિણામ અતિશુભ આવે, એવું પણ બને છે.

ભારતના ઘણા બધા મહાપુરુષોની બાલ્યકાળની મોટા ભાગની ઘટનાઓ વિષે વિશેષ જાણકારી મળતી નથી, કારણ-કે તેઓ લૌકિક જીવનને ખાસ મહત્વ આપતા નથી. આજ કારણે શ્રી ભોલાનાથના બાલ્યજીવનની મહત્વની ઘટનાઓ ક્યાં અને ક્યારે બની, એ વિષે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. શ્રી ભોલાનાથને એમના ગુરુ પ. પૂ. મહર્ષિ મહાતપાએ દીક્ષા આપતી વખતે 'વિશુદ્ધાનંદ' નામ આપ્યું અને તેઓ પાછળથી યોગરાજાધિરાજ શ્રી વિશુદ્ધાનન્દ પરમહંસ તરીકે અગર શ્રી ગંધબાબા તરીકે જાણીતા થયા. તેઓના શરીર-માંથી દિવ્ય સુવાસિત ગંધ કાયમ વહ્યા કરતી હતી, એથી એમને લોકો ગંધબાબા કહેતા.

હડકાયા કુતરાના કરડવાને લીધે શ્રીભોલાનાથના જીવન-માં એકદમ ભારે પરિવર્તન આવ્યું. તેનાથી તેઓ છેવટે પરમહંસ યોગીના પદ ઉપર આસીન થઇ શક્યા. આ કુતરૂં કરડવાની ક્રિયા ક્યારે અને ક્યાં બની, તેની ચોક્કસ વિગતો મળતી નથી. પરંતુ એટલું અનુમાન કરી શકાય છે કે તે



સને ૧૮૬૬–૬૭ ના વર્ષમાં બની હોવી જોઇએ, જ્યારે શ્રી ભોળાનાથની ઉમ્મર ચૌદ કે પંદર વર્ષની હતી. એક દિવસ દાદરનાં પગથિયાં ઉતરતાં, અજાણતાં તેઓનો પગ નીચે બેઠેલા કુતરા ઉપર પડી ગયો. આથી કુતરાએ રોષે ભરાઇ એમના પગે જોરથી બચકું ભરી લીધું.

આ કુતરું હડકાયું હતું તેથી તેનાં દાંતમાં રહેલ ભારે ઝેરથી થોડા સમયમાંજ ભોળાનાથના આખા શરીરમાં ભારે બળતરા થવા લાગી.

એમણે તુરત પોતાની માતા તથા અન્ય સંબંધીઓને આ પ્રમાણે કુતરૂં કરડયું હોવાની, તેમજ તેનાથી થતી પીડા-ની વાત કરી. એમના દાદા ખુદ સારા વૈદરાજ હતા. એટલે તાત્કાલિક સારવારનો પ્રબંધ થયો. પરંતુ તેનાથી કોઇ ફાયદો ન જણાતાં, તેઓએ બીજા વૈદો તથા દાક્તરો સાથે ચર્ચા કરી, ઘણા બધા ઉપચારો કર્યા, પરંતુ કોઈ અસર ન થઇ. ઉલટું જેમ જેમ દવા કરતા ગયા, તેમ તેમ દર્દ વધતું ચાલ્યું. બાળકની દશા બગડતી જોઇ એના દાદા એને નજીક-ના ગૌદલ પાડા ગામે લઈ ગયા, જ્યાં હડકાયા કુતરાની કરડવાની અકસીર દવા પણ આપી જોઈ. પરંતુ તેનાથીય કોઈ ફાયદો ન થયો.

બીજી બાજુ હડકવાનું ઝેર આખા શરીરમાં ફેલાઇ ગયું. તેથી તેને ખૂબ વેદના થવા લાગી. બાળકને ખેંચ આવવા લાગી અને તે ખૂબ બેચેનીપૂર્વક ધમપછાડા કરવા લાગ્યો. આથી ગભરાઇને બાળકને પાસેના હુગલી શહેરમાં લઇ જવા-માં આવ્યો. અહીં એક ઘઉંની ચક્કીનો માલિક ભોળાનાથના કાકા ચંદ્રનાથનો બાળમિત્ર હતો. એને ઘરે સહુ ઉતર્યા. હુગલીમાં હડકાયાં કુતરાંના કરડવાની દવા કરનારી ઘણી

વ્યક્તિઓ હતી. પરંતુ કોઈનીય દવા કારગત ન નીવડી. આથી સહુએ નિરાશ થઈ, બાળકના બચવાની આશા છોડી દીધી. બાળક ભોળાનાથને પણ લાગ્યું કે હવે જીવન બચી શકે એવો કોઇ ઉપાય નથી રહ્યો.

હિંદુઓમાં એક એવી ધાર્મિક માન્યતા પ્રવર્તે છે કે ગંગાકિનારે અગર તેના પ્રવાહમાં પ્રાણ છોડવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એમ વિચારી ભોળાનાથ સંધ્યા સમયે ધીમે ધીમે ચાલીને ગંગા કિનારા સુધી પહોંચ્યો. એ સમયે સંધ્યાની સુરખી ધીમે ધીમે પૃથ્વી પર ઉતરી રહી હતી. બાળક ભોળાનાથ પણ વિચારવા લાગ્યો કે આથમતા સૂર્યની જેમ એના જીવનનો અંત પણ ઘણો નજીક છે. આથી ગંગાના પવિત્ર ને શીતલ પ્રવાહમાં ડૂબીને હું મારી આ અસહ્ય વેદનાને સદાને માટે કેમ ન મીટાવી દઉં ! એમ પણ એણે વિચાર્યું.

પરંતુ ભગવાનની લીલા કોઈ વિચિત્ર ને અગમ્ય છે. ભોળાનાથે જોયું કે ગંગાના પ્રવાહમાં એક ભારે જટાધારી સૌમ્ય દેખાવના સંન્યાસી વારંવાર ડૂબકીઓ મારી સ્નાન કરી રહ્યા છે. વળી જ્યારે તેઓ ડૂબકી મારી પાણીથી ઉપર માથું કાઢતા, ત્યારે ગંગાના પ્રવાહનું પાણી થાંભલાની જેમ એમના શરીરની આસપાસ ઊંચું થતું, અને જ્યારે તેઓ પાછા પ્રવાહમાં ડૂબકી મારતા ત્યારે તે સમથળ થઇ જતું. આશ્ચર્ય ચકિત થઇને બાળક ભોળાનાથ આ ઘટનાને એકીટશે જોઈ રહ્યો.

આ બાજુ સંન્યાસીની નજર પણ બાળક ભોળાનાથ ઉપર પડી. આ સંન્યાસી ત્રિકાળજ્ઞ હતા. એમની મુખાકૃતિ ખૂબ શાન્ત અને આંખો ચમકીલી ને સ્નેહપૂર્ણ હતી. એમણે ખૂબજ મધુર છતાં દૃઢ ગંભીર સ્વરે બાળકને મોટેથી કહ્યું : "બેટા,



આટલો બધો કેમ ગભરાઇ ગયો છે ! તને ખૂબજ કષ્ટ થઇ રહ્યું છે ને ! ઊભો રહે, હું હમણાંજ તને સાજો કરી દઉં છું." આમ કહીને તેઓ તુરતજ ગંગાના પ્રવાહમાંથી બહાર નીકળી બાળક ભોળાનાથ પાસે આવ્યા અને તેના માથા ઉપર પોતાનો હાથ મૂકયો. બાળકને અદ્‌ભુત શીતળતાનો અનુભવ થયો. એને લાગ્યું કે જાણે કોઈએ એના ગરમ ધગધગતા માથા ઉપર ઠંડા બરફની પાટ મૂકી દીધી ! શરીરની નાડીઓમાં પણ અમૃતનો સંચાર થતો હોય એવું એણે અનુભવ્યું. આથી બાળકની બધીજ પીડા અને બળતરા એકદમ શાન્ત થઇ ગઈ અને મૃત્યુનો ભય પણ દૂર થઇ ગયો. તે પછી સંન્યાસીએ ગંગા કિનારે ઉગતી કોઇ જડી-બુટ્ટી ઉખાડીને બાળકને ખવડાવી ને કહ્યું: "બેટા, હવે ઘરે જા. પેશાબની સાથે હડકાયા કુતરાનું બધું ઝેર નીકળી જશે અને તું સંપૂર્ણ સાજો થઇ જશે. વળી તું ભવિષ્યમાં એક ખૂબ પ્રખ્યાત યોગી થઇશ. માટે મનમાંથી બધીજ ચિન્તાઓને કાઢી નાંખ." અને ખરેખર બન્યું પણ એમજ. બાળક સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો. આથી ઘરમાં આનંદનું મોજું ફરી વળ્યું. સહુની બધી દુષ્ટ ચિન્તાઓનો આમ અચાનક અંત આવી ગયો.

આ પ્રસંગથી બાળક ભોળાનાથના મનમાં સંન્યાસી પ્રત્યે અતિશય કૃતજ્ઞતાનો ભાવ પેદા થયો. સાથે સાથે શ્રદ્ધા ઉત્પન્ન થઇ એટલુંજ નહિ પણ એમની પાસેથી દીક્ષા લઇને એમની સાથે રહેવા જવાની ભાવના પેદા થઈ. તેમણે પોતા-ની આ ઇચ્છાની વાત બીતાં બીતાં પોતાની વાત્સલ્યમયી માતાને જણાવી. માએ પ્રેમપૂર્વક કહ્યું, 'બેટા, મારે માટે તો તું ચાલ્યો ગયેલો હતો. મેં તો તારા બચવાની આશા છોડી દીધી હતી, એટલે જેણે તને નવજીવન આપ્યું છે તેની સાથે તું ખુશીથી જઇ શકે છે. બેટા, મારા તને આશીર્વાદ

છે. ખુશીથી રજા આપું છું. તારૂં ખૂબ ભલું થાય એવી કામના કરૂં છું. બસ તું કદીક તારી આ માને પણ યાદ કરતો રહેજે, એટલી આશા રાખું છું."

ભોળાનાથે પોતાની માને વાત કરતાં તો કરી દીધી, પણ એને સંદેહ હતો કે મા રજા આપશે કે કેમ. આટલી બધી સરળતાથી માની રજા મળી જવાથી એને અનહદ આનંદ થયો. આથી માતા પ્રત્યેનો એનો આદર અને સ્નેહ ખૂબ વધી ગયો. એણે મા પ્રત્યે ખૂબ કૃતજ્ઞતા પ્રકટ કરી અને મનોમન એને ભગવાનની કૃપા માની લીધી.

બીજા દિવસે સંધ્યાના એજ સમયે ભોળાનાથ આનંદ અને ઉત્સાહ સાથે ગંગાતટ ઉપર પહોંચી ગયો અને એણે પોતાની કુશળતાના સમાચાર એ મહાપુરુષને આપ્યા. પછી વિનંતી કરતાં કહ્યું: "હે પ્રભુ, આપે મને જીવનદાન આપ્યું છે. એટલે હું આપને હવે છોડી શકું એમ નથી. આપ મને દીક્ષા આપી આપની સાથે લઈ ચલો. આપની સાથે જવાની અનુજ્ઞા પણ મેં મારી મા પાસેથી મેળવી લીધી છે."

સંન્યાસીએ ભોળાનથને પાસે બેસાડી એક આસન શીખવાડયું તેમજ એક બીજમંત્રની દીક્ષા આપી. પછી કહ્યું. "બેટા, હું તારો ગુરૂ નથી. અત્યારે તો તું ઘરમાં રહી, આ આસનમાં બેસી મેં બતાવેલ બીજમંત્રનો અભ્યાસ કર. એનાથી તારા શરીર અને મનની શુદ્ધિ થશે. યોગ્ય સમય આવતાં હું તને તારા ગુરૂની પાસે પહોંચાડી દઈશ. એ બાબતમાં તું નિશ્ચિંત રહેજે."

આ સાંભળી બાળક ભોળાનાથને થોડી નિરાશા થઈ. અનિચ્છાએ તે ઘરે પાછો ફર્યો. થોડા દિવસ સુધી પેશાબ વાટે હડકવાના ઝેરનો ભાગ નીકળતો રહ્યો. એમ કરતાં બધું-જ ઝેર નીકળી જવાથી ભોળાનાથનું શરીર એકદમ સ્વસ્થ



થઈ ગયું. આ પ્રમાણે પોતાના પુત્રની પ્રાણરક્ષા થઇ તે જોઈ એની માતા ખૂબ પ્રસન્ન થઇ. એણે ભગવાનને પ્રાર્થના કરી કે પ્રભુ, થોડા વધુ દિવસ મારો પુત્ર મારી સાથે રહે એવું કરજો.

આ પછી ભોળાનાથને ભણવા માટે બર્દવાન મોકલી આપવામાં આવ્યો. ત્યાં કાંચન-નગર-બોર્ડીંગમાં રહીને તે અભ્યાસ કરવા લાગ્યો. એનો મસીઆઈ ભાઇ પણ ત્યાં રહેતો હતો. બર્દવાનમાં રહી અભ્યાસ કરતાં એને હરિપદ નામના એક સહાધ્યાયી યુવક સાથે ઘનિષ્ઠ મિત્રતા થઇ. આમ બર્દવાનમાં અભ્યાસ કરતાં બે વર્ષ થઈ ગયાં, પરંતુ એનું જીવન બચાવનાર પેલા સંન્યાસી મહાત્માનાં ફરી દર્શન ન થયાં.

બર્દ્ધવાન શહેરના બજારમાં શ્રી વિશ્વરૂપ સાહુની દુકાન હતી. તેને ત્યાં ભોળાનાથ કદીક-કદીક ચીજ વસ્તુ ખરીદવા જતો. એક દિવસ ભોળાનાથ ક્વીનાઈનની ગોળીઓ ખરીદવા વિશ્વરૂપની દુકાને ગયો. તે વખતે એક મુસલમાન ત્યાં વાત કરી રહ્યો હતો કે ઢાકામાં એક અદ્ભુત સંન્યાસી આવ્યો છે. તે નદીના પાણીમાં સ્નાન કરતાં જ્યારે પોતાનું માથું ઊંચું કરે છે, ત્યારે નદીનું પાણી પણ થાંભલાની જેમ તે માથાની આસપાસ ઊંચું થાય છે અને જ્યારે તે પાણીમાં ડૂબકી મારે છે ત્યારે પાણી પણ નીચું આવી જાય છે."

એ મુસલમાનને પૂછવાથી ખબર પડી કે એ સંન્યાસી ઢાકાના નવાબના મેદાનમાં ઉતરેલા છે.

આ વાત સાંભળતાંજ ભોળાનાથને પોતાને હડકાયા કુતરાના ઝેરથી બચાવનાર સંન્યાસીનું સ્મરણ થઇ આવ્યું. એના મનમાં એ સંન્યાસીના દર્શનની તીવ્ર ઇચ્છા થઇ આવી; એટલુંજ નહિ પરંતુ એમની સાથે જઈ યોગના માર્ગે આગળ

વધવાનો સંકલ્પ પણ થઇ આવ્યો. પરંતુ ઘર છોડી, સંન્યાસીની સાથે જતાં પહેલાં, પોતાની પૂ. માતાની આજ્ઞા અને આશીર્વાદ મેળવવા ભોળાનાથ જેવા માતૃભક્ત બાળક માટે જરૂરી હતા. આથી તે તુરત બર્દવાનથી પોતાના ગામ બંડૂલ પોતાની માતા જ્યાં રહેતી હતી, ત્યાં પહોંચી ગયો અને પોતાની મનોકામના માને કહી. પોતાના જીવનના એકમાત્ર આધાર જેવા પુત્રના વિયોગનો પ્રશ્ન માને માટે સરલ ન હતો. છતાં પણ પુત્રની વિનયયુક્ત પ્રાર્થના સાંભળીને તેમજ સંન્યાસી દ્વારાજ તેને નવજીવન પ્રાપ્ત થયેલું હોવાથી માએ જીવ કાઠો કરી, પુત્ર ભોળાનાથને યોગમાર્ગ ગ્રહણ કરવાની સમ્મતિ ને આશીર્વાદ આપ્યા.

બર્દવાન આવીને તુરતજ ભોળાનાથે પોતાની પ્રિય મિત્ર તથા સહાધ્યાયી હરિપદને સંન્યાસી સંબંધી બધી વાતચીત કરી પોતાનો નિશ્ચય તેની પાસે જવાનો છે, વગેરે તેને જણાવ્યું. એ સાંભળીને હરિપદે પણ સંન્યાસી પાસે જવાની પોતાની ઇચ્છા જણાવી. આથી બન્ને મિત્રોએ સાથે ઢાકા જવા પ્રયાણ કર્યું.

ઢાકા પહોંચીને રમના મેદાનની તપાસ કરતાં કરતાં આખરે એક એકાન્ત જેવા સ્થાને તેઓ સંન્યાસી મહારાજને આવી મળ્યા. ભોળાનાથે એમને તુરત ઓળખી લીધા અને તુરતજ તેઓના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પરસ્પર કુશળક્ષેમ પૂછ્યા પછી, ભોળાનાથે તેઓને પ્રાર્થના કરી કે, "પ્રભુ, આ વખતે તો કૃપા કરીને આપ મારો સ્વીકાર કરી મને સાથે લઇ જાઓ."

સંન્યાસી બોલ્યાં : અરે, એકલો આવવાને બદલે તું તારી સાથે આ બીજાને શું કામ લઈ આવ્યો છે ?' ભોળાનાથે એના જવાબમાં કહ્યું : "હરિપદ મારો પ્રિય મિત્ર છે, તથા સહપાઠી છે. એ પણ મારી સાથે યોગમાર્ગે પ્રગતિ કરવા ખૂબ આતુર છે એટલુંજ નહિ પણ આપની કૃપાનો આકાંક્ષી છે. એટલા માટે તો મારી સાથે અહીં આવ્યો છે."



સંન્યાસીએ તે પછી કહ્યું : સારૂં, તો તમે બન્ને સંધ્યાકાળ પછી અહીં મારી પાસે આવજો. આ સંન્યાસી બીજા કોઈ નહિ પણ તિબેટમાં આવેલ જ્ઞાનગંજ યોગાશ્રમના મહાયોગી નિમાનન્દ પરમહંસજી પોતે હતા.

આ પ્રમાણે ગૃહત્યાગ કરવો એ સહેલી વાત નથી, કારણ કે ઘર એક એવું સ્થાન છે જ્યાં વ્યક્તિની સાથે તેનાં માતા-પિતા, ભાઇ-બહેન, કાકા-કાકી વગેરે સંબંધીઓ રહેતાં હોય છે. તદુપરાંત અડોશ-પડોશ, તેમજ પરિચિતો સાથેના સંબંધનું કેન્દ્ર ઘરજ હોય છે. આમ ઘર છોડવાથી બધા સંબંધો આપોઆપ છૂટી જાય છે. આથીજ કહ્યું છે કે ગૃહત્યાગ એક અસાધારણ તેમજ મહાન ત્યાગ છે.

ભોળાનાથ આમ પોતાના સર્વ સગાંસંબંધીઓ બંધનને તોડીને યોગમાર્ગે આગળ વધવા આવ્યો છે. જે વ્યક્તિ પરમેશ્વરનું સાન્નિધ્ય પૂરા મનથી ઇચ્છે છે-એનેજ યોગ પણ ચાહે છે. અને એને માટે દુનિયાના બધા સાંસારિક સંબંધોને તોડી નાંખવા એ ખૂબ જરૂરી છે, કારણ કે ઘરની મોહમાયા છોડ્યા પછીજ, દેહના તથા જગતના આવરણનો ત્યાગ કરવાની શક્તિ માણસોને પ્રાપ્ત થાય છે. તુલસીદાસજીએ સાચુંજ કહ્યું છે કે ઇશ્વરપ્રાપ્તિના માર્ગમાં "ગૃહ-કારજ નાના જંજાલા, તે અતિ દુર્ગમ સૈલ વિસાલા."

એને પાર કરવું એ બધાના વશની વાત નથી. ઈશ્વરની પરમકૃપા પામેલ કોઈ વિરલ ભાગ્યશાળી પુરુષોજ આ માર્ગમાં અંતરાયરૂપ બનતી બાધાઓને પાર કરીને, ઇશ્વરના માર્ગે પ્રયાણ કરવા શક્તિમાન બને છે.

# જ્ઞાનગંજ યાત્રા

**શ્રી નંદલાલ ગુપ્તના સ્વામી વિશુદ્ધાનંદ પરમહંસના આધારે**

તે દિવસે નિર્દિષ્ટ કરેલા સમયે ભોલાનાથ અને હરિપદ સંન્યાસી પાસે પહોંચી ગયા. સંન્યાસી શ્રી નિમાનંદજીએ એમની નિષ્ઠા અને ધીરજની કસોટી કરવા માટે કહ્યું કે– "છોકરાંઓ બરાબર વિચારી લો. મારી સાથે તો ભારે કઠિન માર્ગો ઉપર ચાલવું પડશે; ભયંકર પર્વતોના એકાન્ત સ્થળોમાં રહેવું પડશે તેમજ ઘણાં કષ્ટો સહન કરવાં પડશે. શું તમે આ બધાં કષ્ટો સહન કરવા તૈયાર છો ?"

બન્ને બાળકોએ જ્યારે આવાં સર્વે દુઃખોને આનંદપૂર્વક સહન કરવાની તત્પરતા બતાવી, ત્યારે સંન્યાસી નિમાનંદજીએ જરાપણ વિલંબ કર્યા સિવાય બન્ને છોકરાઓની આંખો ઉપર પાટા બાંધી દીધા અને બન્ને છોકરાઓના હાથ પકડી, પોતાના માર્ગે પ્રયાણ કર્યું. જંગલોમાં થઇને પર્વતીય તેમજ મેદાની પ્રદેશોના માર્ગે બંને બાળકો એમની સાથે ચાલવા લાગ્યા. પરંતુ તેઓને માર્ગની કઠનાઇઓનો સહેજ પણ અનુભવ ન થયો, ઉલટું એમને એમ લાગવા માંડ્યું કે તેઓ મખમલના ગાલિચા ઉપર પગ રાખીને જાણે હવામાં જઇ રહ્યા ન હોય ! આ પ્રમાણે આખી રાત મુસાફરીમાં પૂરી થઇ. હવાના તરંગોમાં તરતા બાળકોને એ ખબર સુદ્ધાં ન હતી કે તેઓ ક્યાં અને કયી દિશામાં જઈ રહ્યા છે. સૂર્યોદય થતાં એમની મુસાફરીનો પહેલો વિસામો આવ્યો.

હવે સંન્યાસીએ એમની આંખો ઉપરથી પાટા પણ છોડી નાંખ્યા. છોકરાઓએ પોતાની જાતને નિર્જન પર્વત ઉપર ઊભેલા જોયા; જ્યાં એક બાજુ ઉપર એક વિશાળ મંદિર



આવેલું હતું. એની ચારે બાજુ પર્વતોની હારમાળા દેખાતી હતી. પૂર્વ દિશા ઉગતા સૂર્યકિરણોની લાલ આભાથી રમણીય લાગી રહી હતી. વળી પક્ષીઓ જાણે પ્રભાતના સ્વાગતમાં મીઠો કલરવ કરી રહ્યાં હતાં.

મંદિરના પટાંગણમાં કેટલાક દર્શનાર્થીઓ ઊભેલા હતા. એઓમાંનો કોઈ બંગાળી લાગતો ન હતો. એથી એમણે સમજી લીધું કે તેઓ બંગાળ દેશથી દૂરના કોઈ બીજા પ્રદેશમાં આવી પહોંચ્યા છે. પૂછવાથી ખબર પડી કે તેઓ ઉત્તર પ્રદેશના મિરઝાપુરના વિન્ધ્યાચલ નામના સ્થાનમાં વિન્ધ્યવાસિની દેવીના મંદિરના સ્થાનમાં અત્યારે છે. તેઓની પૂર્વ બંગાળના ઢાકાથી પશ્ચિમ બંગાળ, આખો બિહાર વટાવીને ઉત્તર પ્રદેશના પૂર્વ છેડે આવેલા મિરઝાપુર સુધીની લગભગ છસો માઈલની યાત્રા માત્ર એકજ રાતમાં શી રીતે પૂરી થઇ, એનો વિચાર કરીને બન્ને છોકરાઓ આશ્ચર્યમાં પડી ગયા. હવે એમને ખાત્રી થઇ ગઈ કે એમણે આટલી લાંબી મુસાફરી કોઈ અદૃશ્ય શક્તિની મદદથી આકાશ માર્ગે કરી છે, કારણ કે જમીન ઉપર પગે ચાલીને અહીં સુધી પહોંચતાં તો કેટલોય સમય લાગે, તેમજ માર્ગમાં આવતા પર્વતો, જંગલો કે નદી–નાળાંઓને પાર કરવામાં પણ ઘણો બધો વખત જાય. આ વિચારથી બન્ને છોકરાઓના મનમાં સંન્યાસી નિમાન્દજીના પ્રત્યે કેટલાય ગણી શ્રદ્ધા અને ભક્તિ વધી ગયાં. સંન્યાસી નિમાનંદજીએ છોકરાઓને મંદિરની પાસેના એક સુરક્ષિત સ્થાનમાં બેસાડીને કહ્યું : છોકરાઓ, હું જ્યાં સુધી અહીં પાછો ન આવું, ત્યાં સુધી તમે અહીં રોકાજો. કોઈ પ્રકારનો ભય ન રાખતા, તેમજ જરાપણ ગભરાતા નહીં. અહીં કોઇ પણ માણસ અગર હિંસક જંગલી પશુ તમારૂં કોઇ પ્રકારે અહિત કરી શકે એમ નથી. હું

પાછો આવીને તમોને આશ્રમમાં લઇ જઈશ." આટલું કહીને તેઓ તે ક્ષણેજ ત્યાં અંતર્ધાન થઈ ગયા !

ભોલાનાથ અને હરિપદ બન્ને છોકરાઓ ત્યાં રોકાયા. દર્શનાર્થીઓ મંદિરમાં આવતા અને વાતો કરતા ચાલ્યા જતા તેઓની વાતો તેમની સમજમાં આવતી ન હતી. કારણ કે તેઓ બન્નેને બંગાળી સિવાયની બીજી કોઈ ભાષા આવડતી ન હતી. એથી એમને ચિન્તા થવા લાગી. પરંતુ તેઓ કરી પણ શું શકે ? સંતોષ માત્ર એટલો હતો કે બંને જણા પરસ્પર વાતચીત કરીને પોતાનું દુઃખ હળવું કરી લેતા. વળી હજી સુધી કંઇ ખાધું પણ ન હતું. બંનેને ભૂખ પણ લાગી હતી. પરંતુ બપોર થતાં એક કાળા શરીરવાળો બ્રાહ્મણ ખૂબ બધી ભોજનની વાનગીઓ લઇને એમની પાસે આવ્યો; અને એક અક્ષર પણ બોલ્યા વિના એ બધી ભોજનની વાનગીઓ તેઓની સામે મૂકીને ચાલ્યો ગયો. છોકરાઓ તો ભૂખ્યા થયા હતા એટલે એમણે આનંદપૂર્વક રૂચિપ્રમાણે જમીને આરામ કર્યો. એમણે તો આશા રાખેલી કે સંન્યાસી સાંજ સુધીમાં પાછા આવી જશે. પરંતુ તેઓ સાંજ સુધીમાં ન આવ્યા તેથી છોકરાઓને ચિન્તા થઈ અને તેઓ નિરાશ થયા. સંધ્યા થતાં ફરી પાછો પેલો બ્રાહ્મણ એમને માટે ભોજન લઇ આવ્યો અને એમની સામે મૂકીને પહેલાંની જેમ ચાલ્યો ગયો. છોકરાઓને એ ખબર ન પડી કે એ કોણ છે, એને કોણ મોકલે છે અને તે આ ભોજનની સામગ્રી કયાંથી લાવે છે !

એટલામાં રાત થઇ. ચારેબાજુ અંધકાર છવાઇ ગયો. માણસોની વસ્તી વગરના તેમજ હિંસક રાની પશુઓથી ભરપૂર જંગલી પર્વતીય પ્રદેશમાં રાત્રિની નિસ્તબ્ધતામાં કેવળ સિંહ, વાઘ ને ચિત્તાઓના અવાજો સંભળાતા. હવે છોકરાઓ બીવા લાગ્યા. એમને થયું કોઈ હિંસક પ્રાણી આવીને



અમને ખાઇ જશે તો ! આથી બન્ને ઝાડ ઉપર ચઢી ગયા અને બન્નેએ પોતપોતાની ધોતીઓથી પોતાની જાતને ઝાડની ડાળી સાથે બાંધી લીધી, જેથી રાત્રિની ઉંઘમાં અને ભયના માર્યા નીચે ન પડી જવાય. આમ જેમ તેમ કરીને બન્નેએ રાત કાઢી. સવાર થતાંજ બન્ને ઝાડ ઉપરથી નીચે ઉતર્યા અને અષ્ટભુજા દેવીના મંદિરમાં ચાલ્યા ગયા. આખો દિવસ ત્યાં રોકાયા. ત્યાં પણ સમયસર ભોજન મળી ગયું. આ પ્રમાણે કેટલાક દિવસો વીતી ગયા. પરંતુ સંન્યાસી મહારાજ ન આવ્યા. હવે તો તેઓ પોતાની જાતને એકદમ અસહાય અનુભવવા લાગ્યા. એમને ભારે ચિન્તા થવા લાગી. ઘરની યાદ પણ આવવા લાગી. ભોળાનાથને તો નાનપણથી જ માની ગોદમાં સુવાની ટેવ હતી. મોટો થવા છતાં હજી સુધી તેને પોતાનું ઘર કે પ્રદેશ છોડીને બહાર જવાનો કોઇ અવસર આવ્યો ન હતો. માનો અનહદ પ્રેમ, ગામવાળાઓની મમતા, તેમજ પોતાના ગામના બાગબગીચા વગેરે તેને યાદ આવવા લાગ્યાં. સાંજે વાઘની ત્રાડ સાંભળીને તો ભોળાનાથ તેમજ હરિપદ-બન્ને ખૂબ ડરી ગયા. અને રડવા લાગ્યા. રડતાં રડતાં એમની નજર આકાશમાં પડી તો એમણે જોયું કે પશ્ચિમી આકાશમાં સુંદર તુરતમાં ઉગેલા ચંદ્રની સમાન એક પ્રકાશિત આકૃતિ એમની તરફ ધીરે ધીરે નીચે ઉતરીને આવી રહી છે. બન્ને આશ્ચર્ય પામી, એકીટશે એની સામે જોઇ રહ્યા. પાસે આવતાંજ એમણે જોયું કે એ જાજ્વલ્યમાન લાગતી આકૃતિ હકીકતમાં એક નારીની હતી અને એના તેજના પ્રકાશથી એ પ્રકાશિત લાગતી હતી. જમીન ઉપર ઉતરતાંજ એ નારીની મૂર્તિએ બન્ને બાળકોને આશીર્વાદ આપ્યા.

એમના મસ્તક ઉપર કેશનો ગુચ્છ બાંધેલો હતો. કપાળમાં

રાતા ચંદનનો ચાંદલો હતો. ગળામાં રુદ્રાક્ષની માળા તથા હાથમાં ત્રિશૂળ હતાં. એમનું મુખ સ્નેહ અને કરૂણાપૂર્ણ મંદ હાસ્યથી સુશોભિત લાગતું હતું. તેઓ બીજાં કોઇ નહિ, પરંતુ જ્ઞાનગંજ આશ્રમનાં સિદ્ધ ભૈરવી 'ઉમા' હતાં.

ભૈરવી માતાએ એમને શુદ્ધ બંગાળીમાં કહ્યું. " છોકરાઓ, તમે આટલું બધું રોયા શા માટે ? તમારૂં વિહ્વળ થઇને રોવાનું જોઇ હું મારી જાતને સ્થિર ન રાખી શકી. એટલે તો મારે આકાશ-માર્ગે ઉડીને તમારી પાસે આવવું પડ્યું." આટલું કહીને એમણે ભોલાનાથને પોતાના ખોળામાં બેસાડી, માતાની માફક, એના શરીર ઉપર ખૂબ પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. અને કહેવા લાગ્યાં. " જે મહાપુરુષ આવીને તમને સાથે લઇ આવ્યા છે, તે પાંચ છ દિવસમાં પોતે આવીને તમને લઈ જશે. ત્યાં સુધી તમે આનંદપૂર્વક અહીં રહો. હવે તમને કોઈ ભય નહિ લાગે. તમે લોકો મને તમારી મા જ સમજજો. જ્યારે પણ તમે મને યાદ કરશો ત્યારે હું તરતજ તમારી પાસે આવીને હાજર થઇશ. હવે હું જાઉં છું." આટલુ કહીને મા 'ઉમાભૈરવી' અંતર્ધાન થઇ ગયાં. એમનાં દર્શન તથા પ્રેમપૂર્વકના સંબોધનથી બન્ને છોકરાઓના મનનો ઉદ્વેગ જતો રહ્યો અને બન્ને શાંત અને નિશ્ચિંત બની ગયા.

તેઓને માટે મુકરર સમયે સવાર-સાંજ પેલો કાળો બ્રાહ્મણ ભોજન લઇ આવતો. તેઓ આખો દિવસ અષ્ટપૂજાના મંદિરમાં લોકોની ભીડ જોવામાં તેમજ પૂજા વગેરેમાં વીતાવતા અને રાત ઝાડ ઉપર.

આ રીતે લગભગ એક અઠવાડિયા પછી એજ પેલા મહાપુરુષ આવીને તેઓની સમક્ષ ઊભા રહ્યા. તેઓએ છોકરાઓને પોતાનું નામ-સ્વામી નિમાનંદ પરમહંસ



બતાવ્યું. તેઓએ પહેલાંની જેમ છોકરાઓની આંખે પાટા બાંધી દીધા તેમજ બન્નેને પોતાની સાથે વિન્ધ્યાચલ પર આવેલ વિન્ધ્યવાસિની દેવીના મંદિરથી લગભગ સોળ માઈલ દૂર પહાડોની વચ્ચે આવેલ એક આશ્રમ પર લઇ ગયા. અહીં કેટલાક મહાત્માઓ રહેતા હતા. તેઓની પાસે આ છોકરાઓને મૂકીને ફરી પાછા તેઓ ક્યાંક ચાલ્યા ગયા. એમના જમવાની અને રહેવાની વ્યવસ્થા આશ્રમમાં થઈ ગઇ. ચાર છ દિવસ અહીં વીતાવ્યા પછી સ્વામી નિમાનંદજી ફરી પાછા આવ્યા અને બન્ને છોકરાઓને પહેલાંની જેમ 'તુકલી' નામના પહાડ પર લઇ ગયા, જેની એક ગુફાની અંદર 'શ્યામા ભૈરવીમાતા' નિવાસ કરતાં હતાં. એમણે છોકરાઓ પ્રત્યે માતૃ વાત્સલ્ય દર્શાવી તેઓના ખાવા-પીવા અને રહેવાની યોગ્ય વ્યવસ્થા કરી.

સંન્યાસી એજ દિવસે ફરી પાછા આવ્યા. એમણે બન્ને છોકરાઓની આંખો ઉપર પહેલાંની જેમ પાટા બાંધી એમને પોતાની સાથે લઈ ચાલ્યા. છોકરાઓને અત્યાર સુધી એવો અનુભવ થતો કે તેઓ મખમલનાં ગાદલા ઉપર પગે ચાલી રહ્યા છે અને એમના માર્ગમાં કોઈપણ પ્રકારના કાંટા-કાંકરા, જંગલ-ઝાડી કે માનવોની ભીડભાડની અડચણ આવી નથી. એનાથી બાળકોને જરૂરથી આશ્ચર્ય થતું, સત્ય હકીકત તો એ હતી કે બાળકો સ્વામી નિમાનંદજીની સાથે આકાશ-માર્ગે જઈ રહ્યા હતા. મુસાફરીમાં એમને કોઈપણ પ્રકારનું કષ્ટ પડ્યું નહિ. ફરી પાછા એક સ્થળે પહોંચીને તેઓની આંખો ઉપરથી પાટા છોડ્યા તો તેઓને માલુમ પડ્યું કે સવાર થઈ ગયું છે અને તેઓ એક દિવ્ય સ્થાનમાં આવી પહોંચ્યા છે.

ચારે તરફ પર્વતોનાં ઊંચાં શિખરો બરફથી છવાયેલાં ધ્યાનમગ્ન યોગીઓનાં જેવાં શોભી રહ્યાં છે.

બાળ સહજ જીજ્ઞાસાથી છોકરાઓએ પૂછ્યું કે સ્વામીજી અત્યારે અમે ક્યાં આવી પહોંચ્યા છીએ ?

તેઓએ કહ્યું: અત્યારે તમે હિમાલયની ઉત્તરે તિબેટના મધ્યભાગમાં આવેલ અતિદુર્ગમ એવા ગુપ્ત યોગાશ્રમમાં છો; જેને સિદ્ધો જ્ઞાનગંજ યોગાશ્રમ તરીકે ઓળખે છે.

પરમહંસ નિમાનંદજીએ ભોલાનાથ તથા હરિપદ બન્ને છોકરાઓને નવદસ દિવસ જ્ઞાનગંજ યોગાશ્રમમાં રાખ્યા. તે પછી એમને પોતાના પરમ વંદનીય ગુરૂદેવ મહર્ષિ મહાતપા મહારાજના ચરણોમાં રજુ કર્યા. મહર્ષિએ એમના મસ્તકોને સ્પર્શ કરીને શક્તિસંચાર કરીને બન્નેને બીજમંત્ર પ્રદાન કરી દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા. આ પ્રકારે બન્ને બાળકો હવે સ્વામી નિમાનંદજીના ગુરૂભાઈ બની ગયા.

સત્યરૂપી પરમાત્માનું સ્વરૂપ માયાના સોનેરી ઢાંકણથી અથવા તો અજ્ઞાનથી ઢંકાયેલું છે. તે ઢાંકણ અમારી આગળથી હે પ્રભુ ! તમે દૂર કરી દો જેથી અમે સત્યને જાણી શકીએ ને તમારૂં દર્શન પણ કરી શકીએ.

(ઇશાવાસ્ય ઉપનિષદ્)



# પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની સાધનાનું આંતર ઝરણું

હિમાંશુ પાઠક

પ. પૂ. મહાત્માજીનું ભૌતિક શરીર શાંત થઈ ગયા પછી પૂ. માનું ઉપવાસોનું વ્રત એકધારૂં, એક નિષ્ઠાથી ચાલે છે. આજે અન્નત્યાગને ૪૪૦ દિવસ થઈ ગયા ! પૂ. માની આ સાધના જગજાહેર છે તેનાં આપણે સૌ પરોક્ષ કે અપરોક્ષ સાક્ષી છીએ. શું પૂ. માની આ સાધનાની શરૂઆત છે ? એ પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે થોડી વાતો કરવા વિચારૂં છું.

૧૯૭૫ થી ૭૭ની વાત. પૂ. મા તે વર્ષોમાં આચાર્યા તરીકે સુરતમાં નોકરી કરતાં હતાં. અમારૂં એ સદ્ભાગ્ય હતું કે પૂ.મા તે દિવસોમાં સવારે અને સાંજે ભોજન માટે અમારે ત્યાં આવતાં. શનિવારે સવારની સ્કૂલ હોય તેથી સ્કૂલેથી સીધાં અમારા ઘરે આવતાં. ઘણીવાર સવારનો નિત્યક્રમ બાકી હોય, તેથી હાથ--પગ ધોઈને તરતજ દેવસ્થાન પાસે બેસી જાય, પછી ભલે ને સવારનું પાણી પણ પીધું ના હોય અને ઘડિયાળમાં બાર-સાડાબાર થઇ ગયા હોય ! નિત્યક્રમ પૂરો થાય પછી જ જમવાનું. એવું માનું મનોબળ ! એવી પૂ.માની નિયમિતતા !

પૂ. મા પ્રસંગોપાત અમારે ત્યાં રોકાતાં. તે દિવસોમાં અમે ભાડાના મકાનમાં રહેતા હતા. તે રૂમ પણ બહુ નાની અને ઉપર પતરાનું છાપરૂં. ઘરમાં એક આરામખુરશી હતી. અમે જ્યારે સૂઇ જવાની તૈયારી કરીએ એટલે પૂ.મા ચાદર લઇને આરામખુરશીમાં નિત્યક્રમ શરૂ કરે અને આશ્ચર્યની

પળો વચ્ચે અમે સવારે ઊઠીને જોઈએ તો પૂ.મા આરામ-ખુરશીમાં જ બેઠાં હોય! એમની પથારી અને પાથરેલી ચાદર એમજ અકબંધ જ હોય. અમે કંઈ પૂછીએ તો વાતને હસીને ટાળી દેતાં. આવું કેટલીયવાર બનતું.

તે વર્ષોમાં શ્રાવણમાસ ફળ અને દૂધ પર કર્યાનું મને બરાબર યાદ છે. શાળાએથી ઘરે આવીને દૂધ પીને પોતાના મકાનમાં જવાનો નિયમ રહેતો.

પૂ. મા સુરતમાં શરૂઆતનાં વર્ષોમાં એમની બહેનપણીના ઘરે રહેતાં. બહેનપણીનાં લગ્ન થઈ ગયાં પછી પણ તેમના માતા–પિતા સાથે રહેતાં. તે ઘરમાં (આમલીરાન, ગોપીપુરા, સુરત) પૂ. માનો નિયમ કે ઘરમાં દાખલ થઈએ એટલે મૌન રાખવાનું. જે કંઇ વાતચીત થાય તે ઘરની બહાર. આ નિયમ પણ ઘણાં વર્ષો પળાયો હોવાનું મને બરાબર યાદ છે. તે મકાનનો કેટલો ભાગ પૂ. મા વાપરતાં તે કહું ! બીજા માળે રૂમના એક ખૂણામાં સાડીના પડદાથી ૨×૨ ફુટનો વિસ્તાર એટલે પૂ. માનો રૂમ–કહો કે દેવસ્થાન.

કેટલાક સમય પછી પૂ. મા રાંદેરરોડ પર સ્વતંત્ર મકાનમાં રહેવા ગયાં. આ મકાન અને શાળા વચ્ચે સાત–આઠ કિ. મી. નું અંતર. પૂ. મા લ્યુના વાપરતાં. પૂ. શ્રીનાં એની-બેસન્ટ હોલમાં પ્રવચન ચાલતાં હતાં. પૂ. માતાજી પણ ત્યારે વિરાજતાં હતાં. તે દિવસોમાં પણ પૂ. માના આવા જ ઉપવાસો ચાલુ હતા. કોઇ દિવસ પાણી, કોઇક દિવસ થોડું દૂધ તો કોઇ દિવસ કંઈ જ નહિ. પણ તે ઉપરાંત શાળામાં તો નિયમિત જવાનું અને સવારે ૧૧ થી ૬ સુધી કામ પણ કરવાનું. છતાં એવી જ સ્ફૂર્તિ જે આજે આપણને એમનામાં દેખાય છે.



પૂ. મા કોટયર્કનગરમાં રસોઈ જાતે બનાવતાં. આપણને આશ્ચર્ય થાય પણ એ વાત સાચી હતી કે તેમને ત્યાં ગેસનો સીલીન્ડર એક થી દોઢ વર્ષ ચાલતો ! વિચારો, રોજ કેટલી રસોઈ પૂ. મા બનાવતાં હશે ! કેટલો ગેસ વાપરતાં હશે !

વર્ષોથી ચાલતી સાધના આજે વ્યક્ત થઈ રહી છે. પ્રભુને એજ પ્રાર્થના કે આ કઠોર સાધનાની સુખદ પરિપૂર્તિ જલ્દીથી કરે.

આપણને જે કાંઇ શીખવવામાં આવ્યું હોય તે બધું ભૂલી ગયા પછી જે બાકી રહે તેનું નામ કેળવણી.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# સ્વજનની નજરે પૂ. મા

—અતુલ કોન્ટ્રાક્ટર

કહેવાય છે કે ખૂબ પુણ્ય કર્યાં હોય તેને સંતનાં દર્શન થાય અને તે સંતને ઓળખવા માટે પણ ઈશ્વરની કૃપા પણ જરૂરી ગણાય છે. એ દૃષ્ટિએ કપૂરાની ભૂમિનો અને કપૂરાના ભક્તોનો વિચાર કરીએ તો જણાશે કે કપૂરા ગામ ભાગ્યશાળી છે. એ પવિત્ર ધરતી ઉપર મા સર્વેશ્વરી પ્રગટ્યાં અને તે ભક્તજનો પર ઈશ્વરની અનંત કૃપા છે કે તેઓ માને શ્રદ્ધા ભક્તિ મુજબ સમજી શકયાં, લાભ શકયાં લઈ આદર ભાવથી અપનાવી શકયાં.

રામાયણના પારાયણના એ પવિત્ર પ્રસંગે મારે પણ જવાનું બન્યું. આમ તો હું ઘણીવાર કપૂરા જઇ આવ્યો છું. આ પ્રસંગે પણ પારાયણની દરરોજની બેઠકને અંતે ગામના વડીલ ભાઇબેનો-વૃદ્ધ ભાઇબેનો પૂ. મા પાસે આવતાં, નીચા નમીને પૂ. માના એ નાનકડા સ્વરૂપને પ્રણામ કરવામાં પણ સંકોચ અનુભવતાં નહોતાં. ગામના વડીલ ભાઇબેનો જ નહિ પણ પૂ. માના પરિવારનાં ભાઇબેનો પણ પૂ. મા માં રહેલી દિવ્યતાને જોઇ પૂજ્યભાવ રાખતાં. 'મા' કહીને બોલાવતા, નીચા નમીને પ્રણામ કરતાં. એ દૃશ્યો મા પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ કેવી અનન્ય છે તેનું દર્શન કરાવતાં હતાં.

એટલે કે સૌ કોઇ પૂ. માને સમજતા અને ઉચિત માન આપતા અને તે માન પૂર્ણપણે જળવાઈ રહે તેનું પણ પરિવારના સભ્યો ધ્યાન રાખતા. પૂર્ણાહૂતિના આગલા દિવસે પૂ. મા તેમના પિતાજીના ઘરે રાત્રે પારાયણની છેલ્લી બેઠક પછી પાછળ હીંચકા ઉપર બેઠા હતાં અમે ઘણાં ભાઇબેનો



ત્યાં ઊભાં હતાં. તે સમયે બહારગામથી કોઇ બેન પૂ. માને મળવા આવ્યાં. દૂરથી હાથ જોડી તે બેન પૂ. માની સાથે જ હીંચકા ઉપર બેસી ગયાં. પૂ. મા ત્યાગી સંત જીવન જીવે છે તેથી એક આસન ઉપર અને સમકક્ષ ના બેસાય, તેવા વિવેકનું જ્ઞાન તે બેનને ન હતું. તેથી તેઓ તો બેસી ગયાં અને વાતો પણ કરવા લાગ્યાં. પૂ. માએ પણ તેઓને કાંઇ કહ્યું નહિ પરંતુ શ્રી શારદાબેન કે જેઓ પૂ. માના સાંસારિક દૃષ્ટિએ મોટાબેન થાય તેઓ પણ ત્યાં ઉભાં હતાં. તેઓએ તરત જ તે બેનને ઇશારો કરીને ઉઠાડ્યાં અને યોગ્ય મર્યાદા જાળવવા સૂચન આપ્યું. હું તો જોઇ જ રહ્યો! આ પ્રસંગ ઉપરથી મને શારદાબેનના હૃદયમાં રહેલી શ્રદ્ધા ભકિત અને એને પરિણામે આવેલી જાગૃતિ જોવા મળી હું મનોમન શ્રી શારદાબેનને નમી રહ્યો.

ધન્ય છે! એ પરિવારના સભ્યોને કે જેઓના હૃદયમાં પરિવારના એક સભ્ય સંત તરીકે બિરાજે છે. અને ધન્ય છે એ શ્રદ્ધા, ભકિતને પણ.

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે—સુરત.

## અફસોસ

હું તને જોઇ શકયો ના
તું મને જોતો રહ્યો !
આવી ને આવી રમતમાં
દાવ તો પૂરો થયો ! ...હું તને

હું સદાયે ઘોરતો
ને તું સદાયે જાગતો,
મારી ગફલત ભારી કે
ગફલત મહીં સૂરજ ગયો !......હું તને

જાગીને જોયું પરન્તુ
જોયું ના જોવા સમું;
જોઇને હું મોહ પામ્યો
કિન્તુ ના તુજને લહ્યો ! .....હું તને

તારા ગગનના જેટલા
અપરાધ કીધા તેટલા;
કરુણાનિધાન તમે ખરા
અપરાધીને પ્રેમે સહ્યો !......હું તને

તારી કૃપાનો સિન્ધુ છલકયો,
એક છાંટો ના ગ્રહ્યો !
હંસલો ઊડી ગયો ને
લાખ ચોર્યાસી વહ્યો !......હું તને

ડૉ. રણજિત પટેલ (અનામી)

—×—



# ન મે ભક્તઃ પ્રણશ્યતિ

—દારા જ. ભેંસાણીઆ

માનવજીવનમાં પ્રાયઃ કટુ પ્રસંગો વિશેષ અને સુખદ પ્રસંગો અલ્પ ઉદ્ભવે છે. જ્યારે જીવનમાં કટુતા વ્યાપી જાય છે ત્યારે વ્યક્તિ ઈશ્વરનું શરણું ગ્રહણ કરે છે. તત્પશ્ચાત્ તે શાંતિ અનુભવે છે.

જે મહાપુરુષોએ ઈશ્વરની કરુણાને પ્રાપ્ત કરી છે તેઓ તેની દૈવી પ્રકૃતિને આશ્રયે રહી સતત પરમાત્માનું કીર્તન કરતાં તેમનામાં જ જોડાયેલા રહે છે. પરંતુ વિપરીત બુદ્ધિ-યુક્તજનો ઈશ્વરની રાક્ષસી, આસુરી અને મોહ પમાડનારી પ્રકૃતિને આશ્રયે રહેલા હોય છે.

પૂ. ગુરુદેવ સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી મહારાજના જીવન પર દૃષ્ટિપાત કરતાં જણાશે કે તેઓએ પરમાત્માની પરમ અનુકંપા અનુભવી હતી. ઈશ્વરની દૈવી પ્રકૃતિને આધીન રહી સતત એકત્રીસ વર્ષ સુધી તેઓ યોગોપાસનારત રહ્યા હતા.

જે ભક્ત પરમાત્માની સાથે અનન્ય ભાવે જોડાયેલો છે તેના યોગક્ષેમનો ભાર સ્વયંપરમાત્મા ઉઠાવે છે. પૂ. બાપુજી-ના જીવનમાં અસંખ્ય પ્રસંગો એવા ઉદ્ભવ્યા છે જ્યારે ભગવાને તેમનું જતન કર્યું છે. એક વખત પૂ. બાપુજી એરાલમાં વિષયુક્ત જલ ભૂલથી પી ગયા હતા ત્યારે તેમનું સ્વાસ્થ્ય બગડયું હતું. પણ પરમાત્માએ તેમની રક્ષા કરી હતી. સાક્ષાત્ કાલિકા સમાન નર્મદા નદીના પૂરમાં જંપલાવ-નાર બાપુજીની રક્ષા સ્વયં ભગવાને કરી હતી. ભગવાને તેમની રક્ષા જીવનના અંતપર્યંત અનેક પ્રસંગોએ કરી હતી.

ઈશ્વરસાક્ષાત્કાર માટેનો પૂ. બાપુજીનો પુરુષાર્થ અસામાન્ય હતો. તેમનું જીવન ઘડિયાળને કાંટે ચાલતું. રાત્રે ૩ વાગ્યે તેમનો દિવસ ઊગતો. બ્રાહ્મ મુહૂર્તમાં ૩-૩૦ થી ૬-૩૦ સુધી ધ્યાન સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ ધ્યાન બપોરે ૧૨-૩૦ થી ૨-૩૦ ધ્યાન અને સાંજે ૫-૦૦ થી ૯-૦૦ સુધી તેઓશ્રી ધ્યાન કરતા. સવારે ૧૦-૦૦ વાગ્યે દિવસમાં એક વાર અલ્પાહાર કરતા. સવારે ૭-વાગ્યે દર્શનાર્થીઓને ૧૦ મિનિટ દર્શન આપતા. મૌનવ્રત પાળતા. યોગસિદ્ધિમાં વિઘ્નરૂપ એવા નિમ્નોક્ત ષડ્રિપુઓના ત્યાગ માટે 'હઠયોગપ્રદીપિકા' અનુમોદન આપે છે-(૧) અત્યાહાર (૨) અત્યંત પરિશ્રમ (૩) અત્યંત બકવાદ (૪) નિયમોનો અનાદર (૫) જનસંસર્ગ (૬) ચંચળતા. પૂ. બાપુજીએ કાળજીપૂર્વક આ ષડ્રિપુઓને તેમનાથી દૂર રાખ્યા હતા. પૂ. બાપુજીએ ગીતાને જીવનમાં પચાવી હતી અને તેઓ ગીતાજીના આદેશ મુજબ જીવન જીવતા.

દર દેશી મહિનાના છેલ્લા રવિવારે બાપુજીનાં દર્શન માટે અને તેમનાં ભજનો સાંભળવા સત્સંગીઓની ઠઠ જામતી. શ્રીકૃષ્ણનાં વિરહયુક્ત ભજનો ગાતાં ગાતાં તેમની આંખો અશ્રુભીની થઈ જતી અને સત્સંગીઓના સંયમની પાળ તૂટી જતી. એ અલૌકિક દૃશ્ય આજે કયા શિષ્યની આંખો સામે નથી નાચતું ?

પૂ. બાપુજીમાં ગોપીભાવ અતિપ્રબળ હતો. દેહ પુરુષનો હતો પરંતુ હૃદય તો ગોપીનું. એ ગોપી ભાવમાં કૃષ્ણના વિરહમાં તેઓ કેટલીય વાર રડી ઊઠતા. ખરેખર અસંખ્ય જન્મોના પુણ્યે આવો ગોપી ભાવ પ્રકટતો હોય છે. એટલે જ શ્રીમદ્ વલ્લભાચાર્યે गोपीका गुरवः प्रोक्ता । 'ગોપીઓ ગુરુઓ છે' કહ્યું. ગોપીઓને ઋષિ-મુનિનું બિરુદ શ્રીમદ્



ભાગવતમાં અપાયું છે. પૂ. બાપુજી પણ અર્વાચીન યુગના ઋષિ જ હતા.

પારસમણિ લોખંડને સ્પર્શી સોનું બનાવે છે, પારસમણિ નહીં. પરંતુ સાચો ગુરુ તો શિષ્યને માત્ર સાધક કે શિષ્ય નથી બનાવતો પણ ગુરુ બનાવીને જ છોડે છે. પૂ. બાપુજી એવા પારસમણિ હતા જે બીજાને માત્ર શિષ્ય કે સાધક બનાવી સંતોષી બની રહેતા નહીં પરંતુ તેની વધુ ને વધુ આધ્યાત્મિક પ્રગતિ થાય તે માટે જાગ્રત રહેતા.

પૂ. બાપુજી-સંયમ સદાચારના અતિ આગ્રહી હતા. તેઓને પવિત્ર જીવન અતિપ્રિય હતું. એક ભજનમાં તેઓ કહે છે—

લાંછન લાગતાં ઊજળા જીવનને-
અમને મૃત્યુ ગમે,
વિલોકી તારા સૌમ્ય વદનને-
ઘોર નિરાશા શમે,
તારી કૃપા દૃષ્ટિથી પાછાં નિર્મલતા વરીએ...

પૂ. બાપુજીનો હૃદયજામ ઈશ્વરપ્રેમ રૂપ અમૃતથી છલોછલ ભરેલો હતો. તેમના સંસર્ગમાં આવનાર પ્રત્યેક તૃષાતુરને તે અમૃતનું પયપાન કરવાનો લહાવો મળતો.

આપણે જાણીએ છીએ કે પૂ. બાપુજીને ભગવાન લકુલીશજીએ સ્વામી પ્રણવાનંદ રૂપે યોગદીક્ષા આપી હતી. ભગવાન શિવ પ્રસન્ન થઈ જેને સવા વર્ષ પોતાની સાથે રાખે તે સામાન્ય જીવ થોડો હોય ? સહસ્ર જીવોમાંથી યુવાન સરસ્વતીચંદ્રને શા માટે પસંદ કરવામાં આવ્યા ? પૂર્વજન્મનો યોગભ્રષ્ટ આત્મા હોય તો જ ને ? સાંપ્રત કાળમાં એવો એકેય ગુરુ અસ્તિત્વ નથી ધરાવતા જેને સ્વયં ભગવાને

દીક્ષા આપી હોય. પૂ. બાપુજી જ એક નસીબદાર આત્મા હતા જેમને સ્વયં ભગવાને દીક્ષા આપી હતી.

સદ્‌ગુરુ બનીને લકુલીશજી આવ્યા,
જીવ–શિવ એક રૂપ બતાવ્યા;
તો ય ન થઈ સાચી પીછાણ,
સિદ્ધક્ષેત્રે અંતે પડી ઓળખાણ;

આપણા માટે ગીતાજીનો સ્થિતપ્રજ્ઞ પુરુષ કાલ્પનિક પુરુષ બની રહે છે, કારણ કે સો ટકા એવા લક્ષણયુક્ત કોઈ મહાત્મા આજે જોવા મળતા નથી. પરંતુ પૂ. બાપુજી તો સવા વર્ષ પર્યંત આવા સ્થિતપ્રજ્ઞ પુરુષ સાથે રહ્યા હતા. કહો, તેમનાથી વિશેષ કોણ નસીબદાર ? આ મલિન મનના વિચારો દ્વારા ઘાયલ પંખી જેવી બુદ્ધિ દ્વારા દિવ્ય શરીરની કલ્પના અશક્ય બની જાય છે ત્યારે સ્વયં જેણે આવું દિવ્ય શરીર જોયું હોય તે માનવથી વિશેષ કોણ નસીબદાર ?

દેખ બિરહન કે આંસુ
સબ કહે કૃષ્ણ હૈ છલિયા;
ઉસ દિલ કા દર્દ કોઈ ન જાણે
જીસને તોડ દી મુરલિયાં.

પૂ. બાપુજીના દિલનું દર્દ કોણ જાણતું હતું ? તેમની દાદાજીનાં શ્રીચરણોમાં શાશ્વત સમાઈ રહેવાની અસીમ અભીપ્સા દિવ્ય શરીરની પ્રાપ્તિ માટેની ઝંખના કેટલી બધી પ્રબળ હતી ? અને તે પ્રાપ્તિ માટે તેમણે તેમનું સમસ્ત જીવન હોડમાં લગાવી દીધું હતું. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો 'એ કઠોર સ્વામીના સ્વેચ્છાપૂર્વકના દાસ' તરીકે પૂ. બાપુજી ચાલીસથીય વધુ વર્ષો સુધી રહ્યા હતા.



પૂ. બાપુજી પરમાત્માના લાડીલા ભક્ત હતા. ભગવાને સ્વયં તેમના પ્રીતિપાત્ર ભક્તનાં લક્ષણો ગીતાજીમાં (૧૨ : ૧૩ : ૧૪) દર્શાવ્યાં છે, તે પૂ. બાપુજીમાં દૃષ્ટિગોચર થતાં હતાં 'જે સર્વ ભૂતોનો દ્વેષ નહિ કરનાર, મિત્રભાવે વર્તનાર, દયાળુ, મમતા વિનાનો, અહંકાર રહિત, સુખ–દુઃખ સમાન માનનારો, ક્ષમાવાન, સદા સંતોષી, યોગનિષ્ઠ, મન વશ રાખનારો, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં અર્પણ કરેલાં મન-બુદ્ધિવાળો હોય છે તે મારો ભક્ત મને પ્રિય છે."

ભગવાનનો આશ્રય કરનારા પવિત્ર બ્રાહ્મણો, ભક્તો તથા રાજર્ષિઓ પરમ ગતિ પામે છે. તો સતત હરિપરાયણ જીવન ગુજારનાર મહાપુરુષની ગતિ માટે કલ્પવું શું ? ખરેખર ભગવાનનું આ વચન દિલને પરમ શાંતિ અર્પી જાય છે. 'ન મે ભક્તઃ પ્રણશ્યતિ' (ગીતા–૯ : ૩૧) અર્થાત્ 'મારા ભક્તનો નાશ થતો નથી.' ભગવાન ગીતાજીના છઠ્ઠા અધ્યાયના ચાલીસમા શ્લોકમાં પણ ફરીથી વિશ્વાસ આપે છે, "હે પાર્થ ! આ લોકમાં કે પરલોકમાં તેનો વિનાશ નથી જ; કેમ કે હે તાત ! શુભ કર્મ કરનારો કોઈ (મનુષ્ય) દુર્ગતિ પામતો નથી."

હે પ્રભુ ! તારો કેટલો ઉપકાર માનવો કે તેં આવા મહાન સદ્‌ગુરુની ભેટ આપી !

પૂ. બાપુજીના તૃતીય નિર્વાણ દિને (તા. ૨૯મી ડીસેમ્બર) કૃપાલુ પરિવાર તરફથી તેઓશ્રીને સ્નેહાંજલિ સમર્પણ.

ॐ नमः शिवाय गुरवे सच्चिदानंद मूर्तये ।
नमस्तस्मै । नमस्तस्मै । नमस्तस्मै । नमोनमः ॥

("ઊર્જા"–ડીસેમ્બર, '૮૪માંથી સાભાર)

---

# શાશ્વત-પ્રસાદ

ધૂની માંડલિયા

* હે ભાઇ ! દેહ છે ત્યાં સુધી જ્ઞાનીએ આજ્ઞાનુસાર દશામાં કર્મેન્દ્રિયોને પ્રયોજી રહેવું, પણ જ્ઞાનેન્દ્રિયોને તેમાં કદાપી ભળવા ના દેવી. (યોગવાસિષ્ઠ)

* નિરોધ નથી, ઉત્પત્તિ નથી, બદ્ધ નથી, સાધક નથી, મુમુક્ષુ નથી, મુક્ત નથી-એજ પરમાર્થતા. (ગૌડપાદાચાર્ય)

* ન દ્વેષ કે રાગ, ના લોભ કે મોહ, નહિ મદ, નહિ માત્સર્યભાવ, ન ધર્મ, ન અર્થ ન કામ કે ન મોક્ષ, હું કાંઇ નથી, હું ચિદાનંદરૂપ શિવ છું, શિવ છું. પુણ્ય, પાપ, સુખ, દુઃખ, મંત્ર, તીર્થ, વેદ, યજ્ઞ, ભોજન, ભોજ્ય, ભોક્તા કાંઇ હું નથી. હું ચિદાનંદરૂપ શિવ છું, શિવ છું. મને મૃત્યુ શંકા નથી, મારે જાતિભેદ નથી, પિતા-માતા કે જન્મ મારે નથી. બંધુ, મિત્ર, ગુરુ-શિષ્ય કાંઇ નથી. હું ચિદાનંરૂપ શિવ છું શિવ છું. (શંકરાચાર્ય)

* વેદાંતમાં નિષ્ણાત (કુશળ પંડિત) થયા છતાં દુર્જન સાધુતા પામતો નથી, સમુદ્રમાં ચિરકાળથી નિમગ્ન છતાં મૈનાક મૃદુ થયો નથી (જગન્નાથ)

* જે નથી જાણતો તે જાણે છે, જે જાણે છે તે નથી જાણતો, જાણનાર નથી જાણતો, ના જાણનાર જાણે છે. (કેનોપનિષદ)

* યોગીએ સત્પુરુષોના ધર્મને ત્યજ્યા વિના એવી રીતે વિચરવું કે જેનો જેથી અવગણના કરી, સંગત કરે નહી. (સ્મૃતિ)

* પ્રયત્નથી યત્ન કરનાર યોગી અનેક જન્મના અનુભવોથી કિલ્વિષમાત્ર શુદ્ધ થઈ જતા પરગતિ પામે છે. (ભ. ગી)



* સંકલ્પનો સંન્યાસ કર્યા વિના કોઇ યોગી થતું નથી. (ભ. ગી)

* કામ્યકર્મના ન્યાસને (ત્યાગને) જ્ઞાનીઓ સંન્યાસ જાણે છે. સર્વ કર્મના ફળના ત્યાગને વિચક્ષણો ત્યાગ કહે છે. (ભગવદ્ગીતા)

* જ્યાં વિરાગ અને મુમુક્ષુતાની મંદતા હોય ત્યાં મરુભૂમિમાં જલના ભાસને પેઠે, શમાદિકની ભાનમાત્રતા જાણવી. (વિવેકચૂડામણિ)

* માતા, બહેન, પુત્રી કોઇની સાથે એક શય્યા કે એક આસન રાખવું નહીં. ઇન્દ્રિય ગ્રામ એવો બળવાન છે વિદ્વાનને પણ તાણી જાય. (સ્મૃતિ)

* વિત્તથી અમૃતત્ત્વની આશા નથી, (બૃહદારણ્યકોપનિષદ)

* અર્થને પ્રાપ્ત કરવામાં દુઃખ, પ્રાપ્ત કરેલાના રક્ષણમાં દુઃખ, આવતાં દુઃખ, જતાં દુઃખ, કષ્ટમાત્રના જ આશ્રયરૂપ અર્થને ધિક્કાર છે. (પંચતંત્ર)

* વૃદ્ધિને અંતે ક્ષય, ઉન્નતિને અંતે પતન, સંયોગના અંતે વિયોગ, એમ જ સંસારક્ષેત્રમાં અફર વ્યવસ્થા છે. (યોગવાસિષ્ઠ)

* વિષયોનું ધ્યાન કરવામાંથી પુરુષને તેનો સંગ ઉપજે છે. સંગથી કામ થાય છે, કામથી ક્રોધ થાય છે, ક્રોધથી સંપૂર્ણ મોહનો ઉદય થાય છે. ને મોહથી સ્મૃતિનો વિભ્રમ થઇ જાય છે. સ્મૃતિભ્રંશ થતાં બુદ્ધિનાશ થાય છે ને બુદ્ધિ નાશ થતાં વિનાશ થાય છે. (ભગવદ્ગીતા)

* જેટલું સ્વવશ એટલું સુખ, જેટલું પરવશ તેટલું દુઃખ. (મનુ)

* વય ગયા પછી કામવિકાર શો ? જળ સૂકાય ગયા પછી સરોવર શું ? વિત્તક્ષીણ થયા પછી પરિવાર શો ? તત્ત્વજ્ઞાન થયા પછી સંસાર શો ? (ચર્પટપંજરિકા)

* વિવેકી, વિરક્ત, શમાદિગુણ સંપન્ન, મુમુક્ષુ, તેનેજ બ્રહ્મ જિજ્ઞાસાની યોગ્યતા કહી છે. (વિવેકચૂડામણિ)

* મોક્ષ આકાશના પૃષ્ઠ ઉપર નથી, પાતાળમાં નથી, પૃથ્વી ઉપર નથી, સમ્યક્ જ્ઞાનથી પ્રબુદ્ધ ચિત્ત તે જ મોક્ષ છે. (યોગવાસિષ્ઠ)

* યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ. (પાતંજલસૂત્ર)

* વાણીનો નિરોધ, અપરિગ્રહ, નિરાશા, નિરિચ્છા, નિત્ય એકાંતશીલતા એ યોગનું પ્રથમ દ્વાર છે.

(વિવેકચૂડામણિ)

* એક તત્ત્વનો ઘનાભ્યાસ, પ્રાણનો વિલય અને મનોનિગ્રહ એ મોક્ષ શબ્દના અર્થનો સંગ્રહ જાણવો. (યોગવાસિષ્ઠ)

* નિશ્ચય ન થવાને લીધે રજ્જુને જેમ સર્પ, ધારા ઇત્યાદિરૂપે અંધકારમાં કલ્પાય છે તેમ આત્મા પણ કલ્પાયો છે. (ગૌડપાદાચાર્ય)

* રાગદ્વેષાદિથી પૂર્ણ એવો સંસાર સ્વપ્ન તુલ્ય છે. પોતાના કાળને વિશે સત્ય જેવો લાગે છે. બોધ થતાં જ તે અસત્ય થઈ જાય છે. (આત્મબોધ)

* ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિય નિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય, અક્રોધ એ દસ ધર્મલક્ષણ છે. (મનુ)

* વેદનો વિષય ત્રણ ગુણ છે તે છે હે અર્જુન ! તું ત્રિગુણરહિત થા, દ્વંદ્વ રહિત થા, નિત્ય સત્ત્વસ્થ થા, યોગક્ષેમરહિત થા, આત્મવાન થા. (ભગવદ્‌ગીતા)

* કર્મ છે તે ચિત્તની શુદ્ધિને અર્થે છે, વસ્તુની પ્રાપ્તિને અર્થે નથી. વસ્તુસિદ્ધિ તો વિચારથી થાય છે, કોટિ



કર્મથી લેશ પણ થતી નથી (વિવેકચૂડામણિ)

* સુખ કે દુઃખનો કોઈ દાતા નથી, કોઈક તે ઉપજાવે છે એ તો કબુદ્ધિ છે. હું કરું છું એ અભિમાન મિથ્યા છે. લોકમાત્ર પોતાના કર્મના સૂત્રથી ગૂંથાયેલો છે. (પ્રાસ્તાવિક)

* હે ધનંજય ! સંગ ત્યજી, યોગસ્થ રહી, કર્મ કર. સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન રહે, સમત્વ તેજ યોગ છે.

(ભગવદ્‌ગીતા)

* ગાયના શરીરમાં રહેતું ઘી તેના અંગનું પોષણ કરતું નથી. પણ તેનું તેજ કર્મદ્વારે બહાર કાઢતાં તેને જ ઔષધ થઈ પડે છે. એમ સર્વ શરીરને વિશે ઘૃતની જેમ સ્થિત એવા પરમેશ્વર ઉપાસના વિના જીવોનું હિત કરતા નથી.

(યોગવાસિષ્ઠ)

* પ્રજાપતિએ કહ્યું : 'ભય શાનાથી થાય છે' એમ કહેતા જ ભય જતો રહ્યો. મને ભય શાથી થતો હતો એમ વિચારતાની સાથે જ ભય જતો રહ્યો, કારણ કે દ્વૈતથી જ ભય થાય છે. (બૃહદારણ્યકોપનિષદ)

* ચિત્તજ અર્થમાત્રનું કારણ છે-ચિત્ત છતાં ત્રણે જગત છે. ચિત્ત ક્ષીણ થયું કે જગત ક્ષીણ થયું માટે એની પ્રયત્ને કરીને પણ ચિકિત્સા કરવી. (યોગવાસિષ્ઠ)

* મનુષ્યોને મન એજ બંધ અને મોક્ષનું કારણ છે. વિષયાસક્ત મન તે બંધ અને નિર્વિષય મન તે મોક્ષ. (પંચદશી)

* સમુદ્રનું પાન કરવાથી, મેરૂને ઉખેડી નાખવાથી કે વહ્નિનું પ્રાશન કરવાથી પણ અધિક વિકટ ચિત્ત નિગ્રહ છે. (પંચદશી)

* મૌનકુટીર, પર શ્રીમાળી સોસાયટી, નવરંપુરા–અમદાવાદ : ૩૮૦૦૦૯

## અનુનય

સંસારમાં સાચો સંરક્ષક કોણ છે? માતા કે પિતા કે સ્વજનો? નહીં.

પ્રભુ જ સર્વપ્રકારે રક્ષા કરવા સમર્થ છે. તેથીજ પ્રભુને પ્રાર્થના કરીએ.

જીવનનાં વિવિધ ક્ષેત્રે ઘણીવાર ભૂલો થતી રહે છે, અયોગ્ય માર્ગે પણ ચાલવા માંડીએ છીએ, ત્યારે કોણ સાચું માર્ગ-દર્શન પૂરું પાડે?

એવી પરિસ્થિતિમાં પ્રભુનેજ પ્રાર્થના કરીએ કે મારા મનઅંતરમાં સદ્‌બુદ્ધિનો સૂર્યોદય પ્રગટાવજે.

સકળ વિશ્વના રક્ષણહારા!
મારી સમીપે વસજે રે.
પગલાં ભરું હું આડાં જરી તો
મીઠી ટકોર મને કરજે રે. સકળ૦
મિથ્યા ચિંતાઓ ચિતડે ચઢે તો
નિશ્ચિંતતા જરી ધરજે રે. સકળ૦
ભૂલવા ચહું હું તુજને કદી તો
ભ્રમણા મારી બધી હરજે રે. સકળ૦
શ્રદ્ધા ચળે સ્નેહ સ્વપ્ને શમે તો
નિતનવી પ્રેરણા ભરજે રે. સકળ૦

—મા સર્વેશ્વરી



## પ્રકૃતિ

ગતાંકથી ચાલુ

સંકલનઃ-શ્રી ઈશ્વરભાઇ શાહ

**પાંચ કોષઃ**-(૧) અન્નમય કોષ જે સ્થૂળ દેહ છે. (૨) પ્રાણમય કોષ જે પ્રાણમાં છે. (૩) વિજ્ઞાનમય કોષ જે અંતઃકરણમાં છે. (૪) આનંદમય કોષ એટલે આનંદ મારૂં ફળ છે. (૫) મનોમય કોષ મનમાં છે.

**અવસ્થાઓઃ**-અવસ્થા ત્રણ છે (૧) જાગૃત (૨) સ્વપ્ન અને (૩) સુષુપ્તિ તેનો સંબંધ શરીર સાથે છે.

(૧) જાગૃત અવસ્થા એટલે જે શરીર પ્રકાશમાં ક્રિયા કરે છે તે.

(૨) સ્વપ્ન અવસ્થા એટલે મન પોતે પોતાનું જગત બનાવે છે. આમાં સૂક્ષ્મ વિચારો કારણરૂપ છે.

(૩) સુષુપ્તિ અવસ્થા એટલે ગાઢ નિદ્રા. સમાધિ અને સુષુપ્તિમાં ફેર એટલો છે કે સમાધિ જાગૃતિમાં થાય છે જ્યારે સુષુપ્તિ તે ગાઢ અંધકાર છે.

જાગૃતિ એટલે સાદોસીધો અર્થ તમે સવારમાં જાગો ત્યારથી રાત્રે સૂવો ત્યાં સુધીનો સમય. હવે પ્રશ્ન એ છે કે તમને જગાડે છે કોણ? અગર તમે પોતે જાગી જાવ છો?

તમે જાગી ન શકો. તમને જગાડવામાં આવે છે. તમારા-માંથી કોઇને કહેવામાં આવે કે સવારના ૪-૧૮ મિનિટે જાગજો. જો જાગવું તમારા હાથની વાત હોત તો જાગી જાત પણ એલાર્મની મદદ લેવી પડે છે. આજ પ્રમાણે સૂવું તમારા અધિકારમાં ન હોય તો જાગવું અને સૂવા વચ્ચેનો સમય પણ તમારા હાથમાં નથી. આ વિજ્ઞાનિક વાત છે. વિજ્ઞા-

નિકનો મત છે કે જે શરૂમાં તથા અંતમાં ન હોય તે વચમાં પણ નથી માત્ર ભ્રમ છે. સવારે જાગે છે બધા. સૂવુ તે જડતા –અંધકાર છે. આવી દશામાં પલંગમાં સૂતા છો છતાં જગાડનાર કોઈ કદી દેખાતો નથી. હવે કોણ જગાડે છે તે તમે દેખો છો છતાં તે ઉપર કદી વિચાર કર્યો નથી. તમે સૂવો છો એનો અર્થ તમારામાં તમોગુણ પ્રધાન છે. સવારના ૫ વાગતાં ભગવાન સૂર્યનારાયણ પ્રાણવાયુ જગત ઉપર ફેંકે છે. તે પ્રાણવાયુ તમારામાં પ્રવેશ થતાં સત્વગુણ વધે છે અને તમોગુણ ઘટવો શરૂ થાય છે. જેથી અંદરનો અંધકાર મટે છે અને પ્રકાશ શરૂ થાય છે. આ પ્રાણવાયુ જગતના જીવોને જગાડે છે. કદી કોઈ અહંકારમાં ન રહે કે હું જાગું છું. હું સૂઉં છું. આ તેના અધિકારની વાત નથી. જાગૃત એટલે સત્વગુણ અધિક રજ–તમ ગૌણ. સ્વપ્ન એટલે રજોગુણ અધિક, સત્વ–તમ ગૌણ. સુષુપ્તિ એટલે તમોગુણ અધિક સત્વ–રજ ગૌણ.

આ સત્વ, રજ, તમ શું છે?

પ્રકૃતિ. પ્રકૃતિની મીલીટરી છે. જ્યારે પ્રકૃતિમાં વિકૃતિ વધે છે ત્યારે પ્રકૃતિ પોતાના ગુણોમાં વધઘટ કરે છે. વિશ્વયુદ્ધ એટલે તમોગુણ ૭૦ ટકા, રજોગુણ ૨૫ ટકા, સત્વગુણ ૫ ટકા. આ હોય તો વિશ્વને લડાઈથી કોઇ ઉગારી ન શકે. અત્યારે તમે બધા બેઠા છો તેમાં તમોગુણ ૬૦ ટકા રજોગુણ ૨૫ ટકા, સત્વગુણ ૧૫ ટકા એટલે પ્રમાદી છો. જડતા છે. મન સતત ચંચલ છે આ કરૂં તે કરૂં. સત્વગુણ જરા કંટ્રોલ કરે છે એટલે અહીં પધાર્યા છો. અહીં જો રહેવા-જમવા–સૂવાની સગવડ ન હોત તો વારાફરતી બહાનાં કાઢી ભાગત. પ્રથમ સત્સંગ માટે સંત પાસે ચાલીને ૧૦ ગાઉ સવારે પહોંચવું પડતું. તમારામાંથી કોઈ જાય ખરો? ના. આમાં તમારો દોષ નથી. પણ પ્રકૃતિના



ગુણોની વધઘટ દોષીત છે. તમે આત્મા ગુણાતીત છો. પ્રકૃતિ ગુણોવાળી છે. સંતોમાં તમોગુણ ૨૦ ટકા, રજોગુણ ૪૦ ટકા, સત્વગુણ ૪૦ ટકા છે જેથી સવારે ૩ વાગે તેઓની આંખ ખુલી જાય છે ઉંઘ તેમને નહિ સતાવે.

જાગૃત અવસ્થા કાયમ મારી રહે તે ન ઇચ્છતાં જાગૃત અવસ્થા મારી નથી તે દૃઢ કરવું જરૂરી છે. સ્વપ્ન અવસ્થા ગાળવા સત્વગુણ વધારવો તે માટે (૧) રામ નામ (૨) સાત્વિક ખોરાક (૩) કથા શ્રવણ (૪) સત્સંગમાં રહેવું. તો સત્વગુણ વધશે કે રજોગુણ ઘટશે ને સ્વપ્ન જશે.

**સ્વપ્ન અવસ્થા:**–રજોગુણ તેની માત્રા કરતાં વધે એટલે સતત વિચારો-ઇચ્છાઓ થયા કરશે. આ વિચારો-ઇચ્છાઓ દેહથી જે પૂરી નહિ થાય, તે મન પોતાનું જગત બનાવી પૂરી કરશે. સ્વપ્નમાં મન પોતાનું જગત બનાવે છે તે તમારો અનુભવ છે. આ પ્રમાણે જાગૃત પણ મનનું જ જગત છે. મન પ્રકૃતિ છે. એટલે સ્વપ્ન અવસ્થા જતાં જાણ થાય કે છે સ્વપ્ન અવસ્થા ખોટી હતી. હવે સ્વપ્નને સંબંધ વાસના સાથે પણ છે. જે વાસના અતૃપ્ત રહી હોય તે સ્વપ્નમાં પૂરી થાય છે.

જાગૃતિમાં જે જાગે તે જ્ઞાન છે. શું જાગવું? કે ક્રિયા મારી નથી, પ્રકૃતિની છે. આનું નામ જાગવું છે. સ્વપ્નથી માત્ર બોધ લેવાનો છે કે મન તેનું જગત બનાવી શકે છે સ્વપ્નના કર્મનું ફળ નથી.

સુષુપ્તિ એટલે ગાઢનિંદ્રા. જેનું કારણ તમોગુણ છે. આ સુષુપ્તિમાં કર્મેન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયોમાં વિલીન થાય છે. જ્ઞાનેઇન્દ્રિયોમાં વિલીન થાય છે. જ્ઞાનેન્દ્રિયો મનમાં, મનબુદ્ધિમાં અને બુદ્ધિમાં જે અહમ્ છે તે પણ વિલીન થાય છે. માત્ર

અંતઃકરણ અને આત્મા રહે છે. આત્માનો પ્રકાશ માત્ર અંતઃકરણ ઉપર પડે છે. બાકી સર્વત્ર અંધકાર છે. આ વખતે નામ નથી, જ્ઞાતિ નથી, પુરૂષ-સ્ત્રી નથી. ભય નથી. ટુંકામાં કાંઇ નથી માત્ર અંધકાર. હવે સુષુપ્તિ જેવી સ્થિતિ જાગૃતમાં રહે તો તેનું નામ મોક્ષ. જાગૃતનાં પ્રકાશ છે. સુષુપ્તિમાં અંધકાર છે. બસ સુષુપ્તિમાંથી તમારે બોધ લેવાનો છે કે "મારૂ નામ નથી, જ્ઞાતિ નથી, હુ પુરૂષ કે સ્ત્રી નથી, મારે કોઇ ભય નથી, મારા સિવાય કોઇ નથી."

અંતઃકરણમાં ચિત્ત મુખ્ય છે. બાકી મન, બુદ્ધિ, અહમ્ વૃત્તિઓ છે. જે જન્મે છે, મરે છે. ચિત્ત અહિંસા જેવું છે. તેમાં આત્માનું પ્રતિબિંબ પડે છે. હવે ચિત્ત જે અશુદ્ધ હોય–કોઇ વાસના હશે તો જે પ્રેરણા આપશે. ચિત્તમાં હું તમને દેખાઉં છું. તમો તમારૂ જ ઘર દેખો છો. તેનું કારણ ચિત્ત છે. ચિત્તમાં ઘરનું ચિત્ર છે. ભલે અહીં બેઠા છતાં ઘર યાદ આવશે તો દેખાશે.

**તુર્યા અવસ્થાઃ**– તે શરીરથી ઉપર છે. જેનો સંબંધ સમષ્ટિ જગત સાથે છે. ઉદાનવાયુ વ્યષ્ટિ તથા સમષ્ટિને જોડે છે. તે સૂક્ષ્મ છે. જેને જોતાં આવડે તે કહી શકે કે આ માણસ ૩ દિવસમાં મરી જશે. ઉદાનવાયુ ઝાટકાથી ચાલે તો મૃત્યુ. આ યોગીઓ જાણે છે. તે કોઇ મહત્ત્વની વાત નથી. મરવાનો છેજ. પછી ત્રણ દિવસ પછી મરે કે પાંચ દિવસ પછી. (પ. પૂ. સ્વામિશ્રી સંપૂર્ણાનંદજી બાપુ યોજીત સાધના શિબિરના સત્સંગમાંથી)

———※———



# ભક્તિ

સંકલન : શ્રી પ્રશાંત દવે

[પ પૂ. શ્રી યોગેશ્વરજીના ભક્તિયોગ ઉપરના વ્યાખ્યાનોનો સંક્ષેપ.]

ગંગા અને યમુના જેવી નદીઓ પ્રબળ ગતિથી અભિસરણ કરતી હોય છે. ગંતવ્ય સ્થાનપર પહોંચવાનો અંતરનો ઉમળકો–ઉત્સુકતા-તલસાટ તેનામાં હોય છે. સંધ્યાકાળ થતાં વાછરડાઓનો પોતાની માતાના મિલન માટેનો-આલિંગન માટેનો જે થનગનાટ હોય છે; પ્રભુ મિલન માટેની આવી ઉત્કટતા ભક્ત હૃદયમાં આકાર પામે છે.

શાંતિ, મુક્તિ અને પૂર્ણતારૂપી પ્રિયતમાને મળવાનો તલસાટ પ્રત્યેક માનવમાં છે. પ્રત્યેક માનવ યક્ષ છે તેને પોતાની અસલ અલકાપુરીનું સ્મરણ છે. સંતરૂપી મેઘનાં દર્શન થતાં એ સ્મરણ જીવંત બને છે. મેઘ મંગલમાર્ગદર્શન કરી શકશે તેવી શ્રદ્ધા તેનામાં પાંગરે છે. પ્રભુનો વિરહ ભક્ત હૃદયને તેના સમસ્ત જીવનને કોરી ખાય છે. ભક્તિ દ્વારા પ્રભુ પ્રેમનું પ્રગટીકરણ થવું જોઇએ. એના વગર જીવનમાં ચિરંતન શાતા અનુભવાતી નથી. સાધકે ઇશ્વર પ્રતિ પ્રેમ પેદા કરવો જોઇએ. આ સંવેદના જેના હૃદયમાં નથી, જેના હૃદય અને ઇન્દ્રિયો ઈશ્વર દર્શન માટે આર્ત નથી, તે ભક્ત નથી.

આ આર્તતા પ્રગટ કરવા ભકતે સાચા હૃદયની પ્રાર્થના કરવી જોઇએ. ઈશ્વર સાથે વાર્તાલાપ કરવો જોઇએ. ઉત્કટ પ્રેમનું સર્વોત્કૃષ્ટ સાધન વાર્તાલાપ છે. "હે પ્રભુ, કૃપા કરી દર્શન આપો. આપની કૃપાવગર મારો બેડો પાર નહીં ઉતરે. આપના અનુગ્રહ વગર આ ભયંકર વા વંટોળમાં મારી નૌકા

ઉભી નહી રહે, ટકી નહી શકે. પ્રભુ કોકવાર તો પ્રગટ થાવ. આપના મિલન વગર આ જીવને ચેન નથી. પ્રભુ અણુદીઠ્યા અણમાગ્યા આવી દૃષ્ટિ સમીપ પ્રકટ થાઓ, પ્રભો !"

પ્રભુ મિલનમાં જે હૃદય-જે જીવન આ રીતે વલોવાતું રહે ત્યારે પ્રભુ પણ તેનાથી દૂર દૂર રહી શકતા નથી, કારણ પ્રભુ સિવાય તેને કશાની આસક્તિ નથી. ઈશ્વરને મળવાનો પામવાનો આનંદ એ આ અનાસક્તિનો આનંદ છે. મૂક્ત રહેવાનો અને થવાનો આનંદ છે. લાલસા અને લાચારી તેના જીવનમાં નથી. તૃષ્ણા અને કામનાઓથી તે ચલાયમાન થતો નથી. આનો અર્થ એ નથી કે તે જીવન સાથે છૂટા છેડા લે છે. તે ઘરમાં રહેતો હોવા છતાં તેનામાં ઘર રહેતું નથી. અનાસક્તિ એટલે નિર્મળ જીવન જીવવાનો પ્રયત્ન. જીવનના ખંડોથી ઉપર ઊઠી અખંડ જીવનની અભિવ્યક્તિ. અખંડ જીવનની સાધના.

આ સાધનાની પૂર્ણતા એટલે જ પ્રભુ પ્રાપ્તિ, પ્રશાંતિની ઉપલબ્ધિ.

## નામ-જપ

વરસાદના વાદળમાંથી જલબિંદુઓ વરસે, પૃથ્વી પર પડે, નાનાં ઝરણાં બને, સરિતામાં તે સરી પડે. પૃથ્વી પર નવ-જીવનનાં મંડાણ થાય, નવી પ્રસન્નતા પાંગરે, સકલ તાપમાંથી નિવૃત્તિ થાય, શાંતિ પેદા થાય, નામસ્મરણ એ આ જલ-બિંદુઓ સમાન છે. તેના સેવનથી માનવજીવન શાંતિનો અનુભવ કરે છે. આ નામ સંકીર્તન એટલે પરમાત્મામાં મનને જોડવું. પરમાત્માના નામની માળા મનમાં હોવી જોઇએ, પછી હાથમાં ભલે હોય કે ન હોય. નામસ્મરણમાં મનનું મહત્વ છે. ઈશ્વરને સર્વ અવસ્થામાં કરવામાં આવતા



તે નમસ્કાર છે. શાશ્વત ચેતનામાં અણુશક્તિની તે નિશાની છે. મહાપુરુષો સર્વમાં ઈશ્વરને જોઇ પ્રભુનાં દર્શન કરે છે. આથીજ રામચંદ્રજી કહે છે કે "મારાથી ચડિયાતો મારો સંત છે. સંત સમષ્ટિ સાથે અસાધારણ એકતા સાધે છે, ને અનુભવે છે.

ભગવાન ભક્તને કહે છે : 'તું થોડોક નજીક આવ, હું તુરત દોડી આવીશ, મને પામવાના કર્મદ્વારા મનેજ વ્યક્ત કરવાના સંકલ્પ કર. આમ થશે તો મારી અનુકંપા પ્રાપ્ત થયા વગર નહીં રહે. આ મારી પ્રતિજ્ઞા છે.'

આ અનુકંપા માટેનું એક સાધન કલિકાલમાં સુવિખ્યાત એવું સાધન તે નામ સંકીર્તન છે. આ સંકીર્તનરૂપી સેતુ દ્વારા પરમકૃપાળુ પરમાત્માની સમીપ જઇ શકાય છે. તેને મળી શકાય છે, પામી શકાય છે. સંકીર્તન એટલે સમ્યક્ કીર્તન-ભગવાનનો મહિમા ગાવો. તેની રચનાનો વિચાર કરવો. તેને ભજવાની પ્રેરણા મેળવવી. તેના ગુણાનુગાન ગાવા. નામરૂપી જપ કરનાર ગુણાનુગાન ગાનાર હિમાલય જેવો મહિમાવાન્ બને છે. માનવ સ્વસ્થ, અડગ, સ્થિર, એકાગ્ર બને છે. પ્રાણવાન બને છે. સનાતન સાથેના સંબંધ સ્થપાતાં તેનું સૌભાગ્ય નંદવાતું નથી. આ નામ-જપનો મહિમા છે. નામ-જપથી જીવન નવપલ્લવિત બને છે.

નામ-જપથી મનની એકાગ્રતા-મનની શુદ્ધિ-પરમાત્માની પ્રીતિ-પરમ અનુભૂતિ-પરમ શાંતિ-સર્વ પ્રત્યે પ્રેમ અને એ ભાવનો સર્વ વ્યવહારોમાં અનુવાદ પ્રાપ્ત થાય છે. જીવન કૃતાર્થતાનો અનુભવ કરે છે.

તુલસીદાસજી કહે છે કલિકાલ જેવો કોઈ યુગ આવવાનો નથી. તેમાં વિશ્વાસપૂર્વક નામ સંકીર્તન કરો. તેના જેટલો

સરળ ઉપાય કોઇ નથી. નામ સંકીર્તનથી માનવ શાંતિથી સંપન્ન બની શકે છે. નામ સંકીર્તનથી ભાવ જાગે અને ભાવના ઉદ્રેકથી ભાવ સમાધિ પ્રાપ્ત થાય છે. નામ સંકીર્તનથી આત્મિક અનુસંધાન થાય છે. તેનાથી અનન્યતા આવે છે. આવી અનન્યતાથી મારી ઉપસના કરનારાનાં યોગ-ક્ષેમ હું વહન કરું છું, એમ ગીતા કહે છે. અહીં માત્ર ઉપાસના નહીં, પરંતુ "પર્યુપાસતે" એમ કહેવામાં આવ્યું છે જેનો અર્થ સર્વ પ્રકારે ઉપાસના કરનાર. સર્વકાળ અને સર્વ સ્થળમાં ઈશ્વરની ઉપાસના કરનારા, સર્વ અવસ્થામાં ઈશ્વરોપાસના કરનાર ભક્ત અનન્ય રીતે ભજનાર છે. આવા સાધકનાં યોગ અને ક્ષેમનું હું ધ્યાન રાખું છું, એમ ભગવાન કહે છે.

યોગ એટલે મિલન. ઈશ્વરને પ્રાપ્ત કરવાનો અભ્યાસક્રમ. ઈશ્વર પ્રાપ્તિને વરેલ સાધકના માર્ગમાં ઘણાં વિઘ્ન આવે છે. સાધકમાં વિવેક અને વૈરાગ્યની ક્ષતિ હોય તો તે લોકેષણા અને વિત્તેષણામાં સપડાઇ જાય છે. જે પ્રકૃતિના આવાં રમકડામાં મોહે, તે યોગ કરી શકે નહીં. એના માર્ગમાં અષ્ટસિદ્ધિ અને નવનિધિ માર્ગને રોકીને ઊભી રહે છે. પણ આમ છતાં જે માત્ર ભગવાનને જ અનન્યતા પૂર્વક ચાહે છે, ભગવાન હોય તેનું દર્શન હોય તો જ જીવનનું મૂલ્ય છે, આવી વૃત્તિ જે સાધકના જીવનમાં છે કેવળ આત્મ પદાર્થનો જે ચાહક છે, તેવા ભક્તને હું યોગ-મિલન કરાવું છું. જેને આત્મદર્શન પરમાત્મ દર્શનની જ ટેક છે તેવા સાધકને હું સામે ચાલીને તેના આ કાર્યમાં મદદ કરૂં છું. તેની મિલન યાત્રામાં સહાયક થાઉં છું. અને તેનું ક્ષેમ-કલ્યાણ કરું છું. તેની આત્મ કલ્યાણની સાધનામાં સર્વ પ્રકારે મદદ કરું છું. તેને અનાત્મ પદાર્થોથી દૂર રાખું છું. પદાર્થ પર



નિર્ભર એવા અશાશ્વત આનંદથી દૂર રાખી આત્મતત્વ પર નિર્ભર એવા શાશ્વત આનંદમાં હું સહજ સહાય કરી તેના કલ્યાણની જવાબદારી મારા પર રાખું છું.

આથી જ ગીતા કહે છે. "भजस्व माम्" આ ગીતાનો સાર સંદેશ છે. અત્યારના સમયમાં "હરે રામ હરે કૃષ્ણ" પંથના પૂ. શ્રી. પ્રભુપાદ સ્વામીએ આ જ સંદેશો પશ્ચિમના જગતને આપ્યો છે અને ઘણા જીવોના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યાં છે. તેમના રિક્ત હૈયામાં પ્રભુ પ્રેમના અમૃતનું સિંચન કર્યું અને માનવ જીવનને ધન્યતા તરફ દોરી ગયા. પ્રભુના નામ સંકીર્તનનો આવો છે મહિમા. કમનસીબી એ છે કે માનવો આ સાંભળે છે, સમજે છે છતાં જીવનમાં આચરી શકતા નથી અને અમૂલ્ય એવા માનવજીવનને ધન, કીર્તિ અને આનંદ પ્રમોદમાં વેડફી નાંખે છે. એટલેજ મીરાંબાઇએ ગાયું છે કેઃ–

હીરા માણેક ને ઝવેર ત્યજીને,
કથિર સંગાતે મણિ તોલમા.

## કાયાવરોહણની શિબિર

૫. પૂ. માશ્રી સર્વેશ્વરીના અધ્યક્ષ પદે પ્રાચીનતીર્થ કાયાવરોહણમાં તા. ૧૮ થી ૨૦, મે, ૧૯૮૫ના ત્રણ દિવસની જે શિબિર યોજાઇ તેની વિગતે અહેવાલ સ્થળ સંકોચને લીધે આ અંકમાં સમાવી શકાયો નથી. તે જુલાઈ '૮૫ના અંકમાં મૂકીશું. તે બદલ સાધકો ક્ષમા કરે.

—તંત્રી

# સાધક જીવન કેવું હોવું જોઇએ ?

બાબુભાઇ વોરા

જેમને સંન્યસ્ત નથી લેવું, અને સંસારમાં રહી આધ્યાત્મિક માર્ગે આગળ વધવું છે, એવા સાધકે વિચારપૂર્વક પોતાની જીવન પ્રણાલિ ને દિનચર્યા ગોઠવવી જરૂરી છે.

આવા સાધકે સહુ પ્રથમ પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરી, તે માટેના પુરુષાર્થની પગદંડી ઉપર સમજપૂર્વકનાં પગલાં ભરવાં જોઇએ. પોતાને સાકાર ઉપાસનામાં રસ છે કે નિરાકારમાં અને સાકારમાં રસ હોય તો પોતાના સાકાર ઇષ્ટ અને તેમનો મંત્રજાપ નિયમિત રીતે જપવો જોઇએ. આવો મંત્ર કોઈ દેહધારી ગુરૂ મારફતે લીધો હોય, અગર તો આવા કોઈ દેહધારી ગુરૂ ન મળ્યા હોય તો પ્રભુને સર્વગુરૂઓના ગુરૂ માનીને, મંત્રજપ કરવા લાગી જવું જોઇએ. ગુરૂ મળવાની રાહ જોવાથી કોઈ લાભ નહિ થાય. જીવનનો એટલો સમય બગડશે. આખરે પ્રભુજ સર્વ કર્તાહર્તા છે–એ સૂત્રમાં વિશ્વાસ રાખી, આપણે માટે જે કાંઇ મંગલ હશે, તે પ્રભુ કરશેજ એવી અવિચળ શ્રદ્ધાપૂર્વક સાધના પંથે પગલાં ભરવાં. પોતાની જાતમાં, ગુરૂમાં, મંત્રમાં કે ઈશ્વરની સર્વસત્તાધીશતામાં કદી અવિશ્વાસ ન કરવો. આવો અવિશ્વાસ સાધકને પ્રોત્સાહક બનવાને બદલે, તેના ઉત્સાહને મંદ પાડનાર નીવડે છે.

સંસારમાં રહી સાધના કરનાર માણસ માટે કોઇપણ પ્રકારનો વ્યવસાય કે અર્થ ઉપાર્જનની પ્રવૃત્તિ તો રહેવાનીજ. આવી પ્રવૃત્તિ જેમ બને તેમ સાત્ત્વિક રાખવી, જેથી તે આત્મિક સાધનામાં બાધક ન બને. વળી આવી પ્રવૃત્તિ કરતાં



રાગ કે દ્વેષના, ભોગ ન બનાય, તેમજ સત્ય, અહિંસા, ને સાત્ત્વિકતાના માર્ગેથી વિચલિત ન થવાય તેનું ધ્યાન રાખવું આવશ્યક છે. કોઇ કારણવશાત્ સાધકને ફાળે એવી પ્રવૃત્તિ આવી હોય કે જે આત્મિકસાધનાના ધ્યેય સાથે તાલ મીલાવતી ન હોય, તેમજ સાધક માટે તે સિવાય બીજો કોઇ વિકલ્પ ન હોય, તો પ્રભુને પ્રાર્થતા રહેવું, જેથી તમારે માટે વધુ મંગલકારી ને નિર્દોષ પ્રવૃત્તિ મેળવવામાં તે સહાયરૂપ થશે. સામાન્ય રીતે સાધકમાટે સકામ પ્રાર્થનાથી અળગા રહેવું સારૂં પરંતુ પ્રભુ પાસે આત્મકલ્યાણ માટેની સહાય માંગવામાં 'માગનારને કશું ખોટું નથી. તે મળે છે'–એ સૂત્રમાં વિશ્વાસ રાખવો. કદી કોઇ પ્રારબ્ધ કારણવશાત્ એવી સહાય મળવામાં વિલંબ થાય, તોપણ કદી અશ્રદ્ધાળુ કે નિરાશ ન બનવું. આપણે જાણતા નથી કે આપણા પૂર્વજન્મોનાં કયાં કર્મો અવરોધક છે અને એ કર્મોના ફળસ્વરૂપ આપણી આજની પરિસ્થિતિ છે, એટલે એવાં પ્રારબ્ધકર્મોના ક્ષય માટે ધીરજ અને સહનશીલતા રાખવી જરૂરી છે.

પ્રમાણિકપણે કરાતી અર્થોપાર્જનની પ્રવૃત્તિ–આત્મિક સાધનામાં બાધક બનતી નથી, જો તે રાગદ્વેષ રહિત ભાવે કરાય, તો. સાત્ત્વિકભાવે થતી આવી પ્રવૃત્તિ પણ ભાવપૂર્વક થાય તો તે પૂજા બની જાય છે.

જીવનમાં હૃદયની શુદ્ધિ માટે ફલની ઈચ્છા વગરનાં યજ્ઞભાવે કરાતાં કર્મોની આવશ્યકતા રહે છે. ફક્ત જે છોડવાનું છે તે કામ્ય કર્મની પ્રવૃત્તિ–કેવળ પોતાનાજ હિત ખાતર બીજાઓના ભોગે થતી પ્રવૃત્તિ. આવી પ્રવૃત્તિ માણસને બાંધનારી બને છે, કારણ કે તે આસક્તભાવથી કરાય છે.

જે સાધક પોતાના જીવન નિભાવ માટે જરૂરી એવાં અન્નવસ્ત્રો સ્વીકારી સેવા આપે છે, તે સાધુ છે. પરંતુ જે

સેવાના બદલામાં પોતાની આવશ્યકતા કરતાં ઘણું અધિક
સ્વીકારે છે, તે અસાધુ છે. પ્રભુએ જેમને પૂર્વકર્માનુસાર
સંપત્તિ કે શક્તિ વિશેષ પ્રમાણમાં આપ્યાં છે, તેઓએ
સમાજના બીજા જરૂરિયાતવાળા જીવોને સહાય કરવી એ
એમનો ધર્મ બની રહે છે. એમ ન કરનાર એ ગીતાની
ભાષામાં પાપી છે. કારણ કે એવી વ્યક્તિ પોતાના સુખ ને
આનંદ-પ્રમોદ સિવાય બીજાનો વિચાર કરતી નથી.

સાધકમાં હું સેવા કરું છું કે પરમાર્થ કરું છું, એવો
ભાવ પણ ન જાગવો જોઇએ. સાત્ત્વિક પ્રવૃત્તિ પણ જો આસક્ત
ભાવે આચરવામાં આવે તો તે બાંધનારી બને છે; જેમકે
બેડી લોખંડની હોય કે સોનાચાંદીની પરંતુ બાંધવાનું કામ તો
બન્ને કરે છે જ. ઉત્તમ કિંમતી ધાતુની બેડી-પણ બેડી જ છે.

કર્માનુસાર જે લોકોના ભરણ પોષણની પ્રભુએ જવાબદારી
તમારે માથે નાંખી છે, તેમનો પરિત્યાગ ઈષ્ટ નથી. કસમયે
કરેલા ત્યાગનું પરિણામ સારૂં આવતું નથી, કારણ કે મનમાં
જ્યાં સુધી કોઇ પણ પ્રકારની સૂક્ષ્મ વાસનાઓય પડેલી હશે,
તો તે સાધકનું પતન કરનારી નીવડશે આથી ત્યાગ કરતાં
પહેલાં, મનની સંપૂર્ણ શુદ્ધિ જરૂરી બને છે. આથી સાધકે
આત્મનિરીક્ષણની ટેવ પાડવી જોઇએ જેથી જીવનમાં હર પળે
વિવેક અને વૈરાગ્યની જ્યોત જલતી રહે. અસાવધ સાધકનું
પતન થાય છે, એટલે સાધકે કદી ગાફેલ કે અસાવધ ન
રહેવું.

કેવળ પોતાના અર્થે કમાયેલું વાપરનાર પાપનીજ વૃદ્ધિ
કરે છે. આપણે જે ધન ઉપાર્જિત કરીએ છીએ, તેમાં કેટલાય-
નું નસીબ જોડાયેલું હાય છે. જો કોઈ એમ સમજે કે હું
જ બધા કુટુંબનું ભરણપોષણ કરું છું, તો તે મૂર્ખતા ભર્યો
અહંભાવ છે. આપણે સહુના પ્રારબ્ધના એજન્ટ જેવા છીએ



એટલુંજ. જેમ ઘરમાં રાંધનારી માતા પોતે રાંધેલું બધું બીજાઓને જમાડ્યા વિના પોતેજ ખાઈ જાય તો તે પાપ છે, તેમ આપણે કમાયેલું ધન કેવળ આપણા પોતા માટે જ વાપરીએ તો તે પાપ સમાન છે. એટલે સ્વોપાર્જિત ધનમાંથી ઘરનાં અને બીજાંઓને અર્થે વાપરવું હિતાવહ છે. ધનની શુદ્ધિ દાનથી થાય છે. એટલા માટેજ આપણાં ધર્મોશાસ્ત્રોએ પોતાની કમાઇનો દસમો ભાગ દાન તરીકે વાપરવા આજ્ઞા કરેલ છે.

જીવનમાં જ્યાં સુધી સાદાઇ ન આવે, ત્યાંસુધી સાધકથી
સેવા થઇ શકતી નથી, એજ માણસ સાચી રીતે સુખી ને
ધનવાન છે જેની જરૂરિયાતો ઘણી ઓછી છે. કારણ કે ઓછી
જરૂરિયાતવાળા માણસને ધન કમાવા માટે અનીતિનો આશ્રય
લેવો પડતો નથી.

પોતાના પરિશ્રમથી સન્માર્ગે કમાયેલી આજીવિકા માણસ-
મન ઉપર ભારે અસર કરે છે. એક સાધક પતિ-પત્ની ગરીબાઈ-
માં પોતાની આજીવિકા રૂનાં કાલાં ફોલી કે રૂની પૂણીઓ બનાવી
કરતાં. આમાંથી મળતી રોજી બન્ને માટે માંણ પૂરતી થતી.
આમ છતાં બન્ને વારાફરતી એક દિવસનો ઉપવાસ કરી રોજ
એક સાધુને જમાડતાં. પરિણામે એમનું પુણ્ય એવું વધ્યું કે
ધ્યાનમાં બેસે ને મન સ્થિર થઈ જાય.

એક દિવસ સાધક પતિ ધ્યાનમાં બેઠા, પણ મન સ્થિર
થાય જ નહિ. એમને થયું ઘરમાં કોઈ વસ્તુ ખોટી રીતે આવી
હોવી જોઇએ. એમણે પોતાની પત્નીને આ વાત કરી. ખૂબ
વિચારના અન્તે પત્નીને યાદ આવ્યું કે તે દિવસે પડોશીના
ત્યાંથી અગ્નિ લાવતાં, પડોશણને છાણું પાછું આપવાનું
રહી ગયું છે. તેણે તુરતજ પતિની માફી માગી અને પડોશણને
છાણું પાછી આપી આવી. તે પછી તુરતજ તે સાધકનું મન

ધ્યાનમાં સ્થિર થઇ ગયું! મનને નાનામાં નાની વાત સાથે કેવો સૂક્ષ્મ સંબંધ છે, તે આનાથી સમજાય છે. નીતિમય જીવન વ્યવહાર ઉપર એટલેજ ધર્મશાસ્ત્રો આટલો બધો ભાર મૂકે છે.

કોઇની વસ્તુ વગર મહેનતની ન લેવી.

સાધક માટે બીજી એવી ખાસ ધ્યાન રાખવાની વાત છે તે સમયના સદુપયોગની. સાધકે હંમેશ પોતાના સમયનો–પળેપળનો ઉપયોગ આત્મ કલ્યાણ માટેની પ્રવૃત્તિમાંજ કરવો. એણે એવો કાર્યક્રમ બનાવવો કે મનને ખોટી નવરાશનો કે ટહેલટપ્પાંનો સમય જ ન રહે. સારા ગ્રંથોનું વાંચન, ધ્યાન, મંત્રજપ તેમજ સેવાર્થેની પ્રવૃત્તિમાં તે રોકાયેલું રહે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ને અસ્તેયનાં વ્રતોનું બરોબર પાલન થતું રહે, તો આત્મિક સાધનાના માર્ગે આગળ વધવાનું સહેલું બને છે.

ઘણા માનવો આમાંનું ઘણું બધું જાણતા હોય છે, પરંતુ નબળા મનોબળને કારણે જીવનમાં આચરણનો અભાવ વરતાય છે. પ્રભુને પ્રાર્થીએ કે આત્મિક કલ્યાણની ઇચ્છાવાળા સહુને પ્રભુ જરૂરી મનોબળ ને શક્તિ આપે. અસ્તુ.

## ખાસ સૂચના

અધ્યાત્મના જે ગ્રાહકો જૂન, ૮૪ થી (એટલે કે નર્મદા અસ્થિ વિસર્જન પ્રસંગે) નોંધાયા છે, તેઓનાં લવાજમો ગયા મહિને પૂરાં થયાં છે. તેઓ પોતાનાં લવાજમો તુરત મોકલાવે, એવી વિનંતી છે.



# કેમ માનું ?

મારા તમારી સાથેના સ્નેહસંબંધને તથા તમારા સાક્ષાત્કારને એ લોકો વહેમમાં કે ભ્રાન્તિમાં ખપાવે છે.

પરંતુ એમને ખબર નથી કે એ વહેમ કે ભ્રાન્તિ નથી, વાસ્તવિકતા છે.

મારી તમારા અનુગ્રહના પરિણામે પ્રાપ્ત અનુભૂતિઓને એ લોકો મિથ્યા માને છે.

પરંતુ એમને ખબર નથી કે એ મિથ્યા નથી, સંપૂર્ણ સત્ય છે.

સમસ્ત જીવનને એમણે એશઆરામમાં ગાળ્યું છે, હજી પણ ગાળી રહ્યા છે.

કેટલાંય કુકર્મો કરીને એ કીર્તિ કમાયા છે, ધનવાન બન્યા છે, સમૃદ્ધિના શિખર પર પહોંચ્યા છે.

અને મારું સમસ્ત જીવન તમારા અનુગ્રહની આહુતિરૂપ બનાવીને એકાંતિક સાધનામાં પસાર કર્યું છે.

હવે એ લોકો મારા તરફ મોં મચકોડીને કહે છે : આ તો વહેમ છે, વહેમને પોષણ છે !

પરંતુ એમની એવી આધાર વિનાની વાતને કેમ માનું ?
જેમની સાથે એમને સ્વપ્નેય સંબંધ નથી,
જેમને માટે એમણે કદી પણ પુરુષાર્થ નથી કર્યો,
એવા અનુભૂતિના વિષયો પરના એમના અભિપ્રાયને,-
અભિપ્રાય આપવાના એમના અધિકારને કેમ માનું ?

—યોગેશ્વર

## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મ માસિકના ગ્રાહકો તેમજ શુભેચ્છકો પોતા તરફથી સદ્ભાવભરી ભેટો મોકલતાજ રહે છે. છેલ્લે મળેલી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂા.
૨૫ શ્રી જ્યોતિબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૧૧ ,, કીર્તિબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૧૦૧ ,, સોનેજી વસંતલાલ ગિરધરલાલ, મોરબી.
૨૧ ,, જયંતીલાલ ઠાકોરદાસ પટેલના સ્મરણાર્થે એક બહેન તરફથી.
૧૧ ,, જયંતીલાલ મોહનલાલ દવે, મોરબી.
૨૧ મોરબીના સાધક તરફથી.
૧૦૧ શ્રી કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા. પુત્રીના લગ્ન નિમિત્તે.
૩૧ ,, રોમી ભાટિયા તરફથી શ્રી વિવેકના જન્મ પ્રસંગે
૩૬ શ્રીમતી ભામીનીબેન રાજેન્દ્ર ભટ્ટ, બારડોલી.
૫૧ ,, લીલાબેન કાન્તિલાલ. કાકા તરફથી બેન દીપાના લગ્ન નિમિત્તે.
૧૦૧ એક સાધક ભાઈ તરફથી.
૧૮૫ પૂ. માનાં એક ભક્ત તરફથી.
૧૫ શ્રી નગીનભાઇ વનમાળીભાઈ પટેલ તરફથી મહેન્દ્રના લગ્ન પ્રસંગે.
૩૯૦ ,, કે. એમ. પટેલ, મુંબઇ તરફથી.
૫૧ ,, જે. વી. શાહ તરફથી.
૨૫ ,, ચંદ્રશંકર મૂળશંકર જાની તરફથી પુત્રી પ્રતિમાના લગ્ન પ્રસંગે.
૫૧ શ્રીમતી સરસ્વતી નારાયણદાસ જાની તરફથી પુત્ર અજયના લગ્ન નિમિત્તે.

## કર્મોની ખેતી

મનુષ્યનું જીવન એક પ્રકારની ખેતી છે, જેમાં કર્મ વાવવામાં આવે છે, અને એને સારા કે ખરાબ ફળ આવે છે–મળે છે. જે સારા કામ કરે છે, તે સારા ફળ મેળવે છે જે ખરાબ કર્મ કરે છે, તે ખરાબ ફળ મેળવે છે, કહેવત છે–કે આંબો ઉગાડશે તે કેરી ખાશે, બાવળ વાવશે એને કાંટા વાગશે–બાવળ વાવીને જેમ કેરી મેળવી શકાય એ કુદરતનું સત્ય નથી, એ જ પ્રમાણે દુર્જનતાનાં બી વાવીને ભલાઇ મેળવવાની કલ્પના પણ કરી શકાય નહીં.

મનુષ્ય જીવનમાં આ સત્ય સિવાય બીજું કંઇજ નથી, ભલાઈનું ફળ, સુખ, શાન્તિ અને પ્રગતિ સિવાય બીજું કાંઈ નથી. એજ પ્રમાણે બુરાઈનું ફળ બુરાઈ ન હોય–એમ આજ સુધી બન્યું નથી અને બનશે પણ નહીં. ઈતિહાસ એનો સાક્ષી છે.

કારણ વગર કાર્ય બનતું નથી, અને એ પ્રમાણે કાર્યનું પરિણામ ન હોય એ શકય નથી.

વ્યક્તિ હોય કે સમાજ, યા રાષ્ટ્ર ગમે તે હોય, તે દુર્જનતાથી બન્યો છે એ એક ભ્રમણા. છે જીવનની દરેક પળના કર્મોનો હિસાબ રહે છે, જો કોઈ એમ સમજે કે ખોટી નોટ માફક બનાવટી સફળતાઓ મેળવી શકાય છે અને તેને ગમે ત્યારે બદલી શકાય છે તો તે તદ્દન ખોટી કલ્પના છે. જે પાણી ગંદકીમાંથી વહે છે તે દુર્ગંધ વગરનું હોતું નથી, તે પાણી છે માટે પિવા લાયક છે એમ માનવું એ ભ્રમ ખોટો છે, એજ પ્રમાણે થાપ આપીને મેળવેલી સફળતાઓ છેવટે પતન-નરક અને અપયશનું જ કારણ બને છે.

—સ્વામી વિવેકાનંદ

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફોકના ડેલામાં, લોખંડ બજાર, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧